॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૩૮૦ - ઓક્ટોબર ૨૦૧૭ રૂા. ૫/૦૦




**દિવાળીના હેતભર્યા**
**જય શ્રી સ્વામિનારાયણ**
**સહ નૂતન વર્ષ નિમિત્તે**
**અંતઃકરણના આશીર્વાદ**
**સાથે હાર્દિક અભિનંદન !**


સંવત્ ૨૦૭૪નું વર્ષ આપને, આપના પરિવારજન, આત્મીયજન, સ્નેહીજન સૌ માટે સુખ, સમૃધ્ધિ, સુવિધાસભર અને સ્વાસ્થ્યવર્ધક બની રહે. ધર્મ, જ્ઞાન ભક્તિ અને વૈરાગ્ય સાથે શ્રીજી મહારાજની આજ્ઞાપાલન અને ઉપાસનામાં દૃઢતા આવે. સત્શાસ્ત્રોના પઠન, શ્રવણ, ચિંતન અને મનનથી જ્ઞાન દીપ પ્રગટે અને તેનાં પ્રકાશથી જીવનનાં મૂલ્યોની સમજ સાથે સંસ્કારો અને સદ્ગુણોથી આપનું વ્યક્તિત્વ દીપી ઉઠે. યશ, કીર્તિ અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. એવી પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવનાં ચરણકમળમાં પ્રાર્થના સહ રૂડા આશીર્વાદ પાઠવીએ છીએ.




મહંત પુરાણી ધર્મનંદનદાસજીના સપ્રેમ
જયશ્રી સ્વામિનારાયણ

# ભુજ પ્રસાદી મંદિરમાં પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ધામધૂમથી ઉજવાયો.

## યજમાનશ્રી કાનજીભાઈ હરજી પિંડોરીયા સુખપર (રોહા)







## સ્મૃતિ મંદિરના વિદ્યાર્થી નિવાસના રજત જયંતી મહોત્સવના ઉપલક્ષમાં વિદ્યાર્થીઓનું સ્નેહમિલન




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामके : ॥

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૪ |
| શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય | ૫ |
| બંધિયાનાં લક્ષ્મીબા | ૧૦ |
| પુનર્જન્મ | ૧૧ |
| ભક્તના સુખે સુખી અને દુઃખે દુઃખી ભગવાન નાભાજી | ૧૨ |
| ઝવેર ભગતની પ્રભુએ કરેલી રક્ષા | ૧૪ |
| ભગવાનના ભક્તનો મહિમા | ૧૫ |
| ભારતીય સંસ્કૃતિના સ્તંભો | ૧૬ |
| લાલવડની લીલા | ૧૮ |
| નવરાત્રી | ૧૯ |
| વન વિચરણ | ૨૦ |
| સત્સંગ સમાચાર-દેશ | ૨૨ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૯ |
| બાળ સંદેશ : ઉત્સવોને જાણો અને માણો | ૩૨ |



પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૨૪ કુલ અંક-૨૧૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૭ અંક-૫ ઓકટોબર-૨૦૧૭
સળંગ અંક-૩૮૦

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છવાપી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરૂષોત્તમપ્રિયદાસજી



**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : ૦૨૮૩૨-૨૫૦૪૩૧ ફેકસ : ૦૨૮૩૨-૨૫૦૧૩૧
E-mail : sandesh@bhujmandir.org
E-mail : info@bhujmandir.org
Website : www.bhujmandir.org


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-

વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**

# તંત્રીની કલમે



શ્રી સ્વામિનારાયણ ભગવાને જે ઉપાસના પ્રર્વતાવેલી છે, તેની રીત આપણે અવશ્ય સમજી લેવી જોઈએ. ઈન્દ્રાદિક દેવો અને બ્રહ્માદિક ઈશ્વરોથી પર વિરાટ નારાયણ છે. તેથી પર મહતત્ત્વ  છે. તેથી પર પ્રધાન પુરુષ છે. તેથી પર પ્રકૃતિ પુરુષ છે. પ્રકૃતિ પુરુષથી પર માયા, માયાથી પર અક્ષરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મથી પર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ છે. આ પુરુષોત્તમ નારાયણ પોતે અનેક જીવોનું આત્યંતિક ક્લાયણ કરવાના મંગલમય હેતુથી અહૈતુકી કૃપા કરીને શ્રી સ્વામિનારાયણ  નામ ધારણ કરી મનુષ્યરૂપે પ્રગટ થયા છે.

શ્રી સ્વામિનારાયણ નામનો અર્થ ભગવાનનું સાધર્મ્ય પામેલા નંદસંતોએ સમજાવતાં કહ્યું છે કે, ‘‘સત્શાસ્ત્રોમાં જેને નારાયણ નામ શબ્દ લાગુ કરેલા છે, તે સર્વના જે સ્વામી, નિયંતા, ધણી અને માલિક છે. તે શ્રી સ્વામિનારાયણ કહેવાય છે.’’ અક્ષરબ્રહ્મ પર્યંત સર્વ કોઈના એ એક જ નિયામક, પ્રેરક, ચાલક અને શક્તિદાતા છે. એ સર્વ કારણના કારણ અને સર્વકર્તાના કર્તા છે. એ સર્વથી સ્વતંત્ર અને સર્વથી સમર્થ છે. અને વ્યાપીને રહેલા છે. અને જડ, ચેતન સર્વમાં  સર્વત્ર, સર્વદા, અંતર્યામી શક્તિરૂપે વ્યાપીને રહેલા છે. એવા એ સર્વોપરી પરમાત્માનું દિવ્યાતિદિવ્ય પર સ્વરૂપ અને અનેક જીવોના આત્યાંતિક કલ્યાણ માટે એમણે કૃપા કરીને ધારણ કરેલું મનુષ્ય સ્વરૂપ એ બે સ્વરૂપોમાં કોઈ પણ પ્રકારે લવલેશ પણ ભેદ નથી. પણ બંને સ્વરૂપો એક જ છે. એવું નિશ્ચિત જાણીને, સમજીને પરમાત્માના પ્રત્યક્ષ સ્વરૂપોનો અનન્ય આશ્રય અને એક નિષ્ઠ ભક્તિ ઉપાસના આપણે કરવી જોઈએ.

આપણને પરમાત્માનું જે પ્રત્યક્ષ સ્વરૂપ પ્રાપ્ત થયું છે. તે જ સૃષ્ટિના સર્જનનું કાર્ય કરી રહેલા વિરાટ નારાયણ અને બ્રહ્માદિક ઈશ્વરોનું શક્તિદાતા સ્વરૂપ છે. એટલે એ શક્તિ સ્વરૂપ દ્વારા પરમાત્મા જ સૃષ્ટિનું સર્જન વગેરે કાર્ય કરે-કરાવે છે. એવું નિશંકઃ સમજીને આપણે પરમાત્માના પ્રત્યક્ષ  સ્વરૂપની ભક્તિ ઉપાસના કરવી જોઈએ. શ્રીજી મહારાજે પ્રર્વતાવેલા એકેશ્વરવાદનું આ હાર્દ છે. તે આપણે સૌએ હૃદયમાં ધારવું જોઈએ.

આપણા આ ભાગવત માર્ગમાં તે, એટલે સુધી કહેલું છે કે, પ્રકટ ભગવાનની ભક્તિ સિવાય અન્ય સર્વ સદ્‌ગુણો મૃત શરીરને આભૂષણો જેમ શોભતા નથી તેમ શોભતા નથી. માટે પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે વિષે અનન્ય નિષ્ઠા અને ભક્તિ સાથેનું જીવન આપણે જીવવું જોઈએ.

નિષ્કુળાનંદ સ્વામીએ તેથી જ ભક્તચિંતામણિ ગ્રંથમાં ગાયું છે કે,

‘‘કુળકીર્તિ રૂડા ગુણરૂપ, હોય ઐશ્વર્યે કરી અનુપ,<br>
તે તો જક્તમાં શોભે છે ઘણું, જેમ શોભે ફળ ઈન્દ્રમણું,<br>
સર્વે ગુણ તો શોભે છે ત્યારે, કૃષ્ણ ભક્તિ કરે જન જયારે,<br>
કૃષ્ણ ભક્તિ હીન ગુણ હોય, વણ લુણે વ્યંજન સમ સોય.’’

જય શ્રી સ્વામિનારાયણ !

# શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય એક વૈદિક સંપ્રદાય ભાગ-૧

લેખક :- ડો. સ્વામી સત્યપ્રસાદ દાસજી - ભુજ (વેદાન્તાચાર્ય)

(વૈદિક સંપ્રદાયનો એક સિદ્ધાન્ત હોય છે કે તે સંપ્રદાયનું આધ્યાત્મિક જ્ઞાન અને ગુરુ પરંપરા વૈદિક કાળથી ચાલી આવતી હોય અર્થાત્ તે સંપ્રદાયનો આધ્યાત્મિક જ્ઞાનનો સંબંધ વેદથી હોય તે સંપ્રદાયની આધ્યાત્મિક ગુરુ પરંપરા વેદકાલિક આચાર્યોથી ચાલી આવતી હોય. આ સંપ્રદાય પૂર્ણત વૈદિક કહેવાય છે. આવા વૈદિક સંપ્રદાયમાં રહિને ભગવાનની ભક્તિ અને આધ્યાત્મિક સાધના કરવામાં આવે તો નિશ્ચય મોક્ષપ્રદાતા બને છે. વૈદિક સંપ્રદાય કોઇ એક વ્યક્તિ આધારીત ન હોઇ શાસ્ત્રાધારીત વિશેષ હોય છે. વ્યવસ્થાના આધારે પરંપરાગત સંપ્રદાયના ગુરુ કે આચાર્ય બનતા હોય પરંતુ શાસ્ત્રની મર્યાદામાં રહીને ગુરુનો સ્વીકાર કરવો યોગ્ય ગણાતો હોય તેને વૈદિક સંપ્રદાય કઇ શકાય. એક એવા વૈદિક સંપ્રદાયનો પરિચય અને તેના રહસ્યને સમજવાનો પ્રયાસ કરીએ અને તેમાં રહીને આધ્યાત્મિક જ્ઞાનના જગતમાં પ્રવેશ સાથે પરમાત્માની શુદ્ધ ઉપાસના કરીને અન્તિમ લક્ષ્ય જે પરમાત્માની પ્રસન્નતા તે પ્રાપ્ત કરીએ.)

(શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની ગુરુપરંપરામાં આદ્યગુરુ સ્વયં નારાયણ ભગવાન છે અને તેમના દ્વારા ઉપદેશાયેલું વૈદિકજ્ઞાન આ સંપ્રદાયમાં પ્રવર્તે છે.)

**ઉદ્ધવ સંપ્રદાયની ગુરુપરંપરાનો ધ્યાન શ્લોક**

**स्वाचार्यं तद्‌गुरूंश्चाप्यथ मुनिविनुतं**
**(१)स्वामिनारायणम् श्री**
**(२) रामानन्दं (३)यतीन्द्रं गुरुमथ च (४)महापूर्णकं (५)**
**यामुनेयम् ।**
**(६)श्रीरामं (७) पद्मनेत्रं गुरुकुलमहितं (८) नाथमाद्यं (९)**
**शठारिम्**
**(१०)विष्वक्सेनं (११) श्रियं च श्रितदुरितहरं नौमि**
**(१२)नारायणं च ॥ १॥**

**स्वाचार्यम्** - ઉદ્ધવ સંપ્રદાયની આચાર્ય પરંપરા આ પ્રમાણે છે. - સ્વયં ભગવાન નારાયણે શ્રીલક્ષ્મીજીને જ્ઞાન ઉપદેશ આપ્યો. ત્યારપછી લક્ષ્મીજીએ નિત્યસૂરિ વિષ્વક્સેનને ઉપદેશ આપ્યો. પછી વિષ્વક્સેને શ્રીશઠકોપ સ્વામીને, આ પ્રમાણે શ્રીશઠકોપ સ્વામીએ શ્રીનાથમુનિ, શ્રીપદ્મનેત્ર સ્વામી, શ્રીરામમિશ્ર સ્વામી, શ્રીયામુનાચાર્ય, શ્રીમહાપૂર્ણ સ્વામી, શ્રીરામાનુજાચાર્ય, શ્રીરામાનંદ સ્વામી અને શ્રીરામાનંદ સ્વામીએ ભગવાન શ્રીસ્વામિનારાયણને દીક્ષા આપીને આચાર્યપદે સ્થાપન કર્યા. ત્યારપછી શ્રીહરિએ બે ધર્મગાદીની સ્થાપના કરીને. શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનમાં આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ અને શ્રીલક્ષ્મીનારાયણદેવ પીઠસ્થાનમાં શ્રીરઘુવીરજી મહારાજને ઉદ્ધવ સંપ્રદાયની ધર્મધુરા પ્રદાન કરીને આચાર્ય પરંપરા ચલાવી છે જે આજે મહાન વૈભવની સાથે ચાલી આવે છે.

**-: સંપ્રદાયનું મૂળ રહસ્ય :-**

શંખ ચક્રાંકન સહિત મન્ત્રદીક્ષા અને મન્ત્રરહસ્યાર્થ તથા વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તના ઉપદેષ્ટા આચાર્યો અને શિષ્યોની પરંપરા શ્રીવૈષ્ણવ સંપ્રદાયમાં આ શાસ્ત્રીય પરંપરા ઘણા કાળથી ચાલી આવે છે. એ જ પરંપરા ઉદ્ધવ સંપ્રદાયમાં સ્વીકારમાં આવી છે. બન્નેનો એકજ સિદ્ધાન્ત હોવાથી. બન્ને સંપ્રદાયના આચાર્યો પોતાના શિષ્યોને પાંચ વાતો ચોક્કસ શીખવે છે.

**શાસ્ત્રોમાં કહ્યું છે =**

**''प्राप्यस्य ब्रह्मणो रूपं प्राप्तुश्च प्रत्यगात्मनः ।**
**प्राप्त्युपायं फलं प्राप्तेस्तथा प्राप्तिविरोधि च ।**

(૧) **પ્રાપ્ય** (પરબ્રહ્મ પરમાત્મા) (૨) **પ્રાપ્તા** (જીવાત્મા) (૩) **પ્રાપ્તિ** (મુક્તિ) (૪) **પ્રાપ્તિનાં સાધનો** (ધર્મ, જ્ઞાન,

વૈરાગ્ય, ભક્તિ આદિ) [૫] **વિરોધી** (મુક્તિના સાધન વિરોધી જેવાં કે અધર્મ, અજ્ઞાન, દુરાચાર, પાપાદિ અસદાચરણ) આ મુમુક્ષુ શિષ્યોને સમજાવીને કલ્યાણકારી સદાચારને શીખવનાર આચાર્યની આ પરંપરાનું નામ **'સત્ સંપ્રદાય'** છે. એટલા માટે મુમુક્ષુઓએ આચાર્ય પાસેથી જ દીક્ષા લેવી જોઈએ.

વડતાલ શ્રીસ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રી હરિજીવનદાસજી સ્વામીએ માનમેયપ્રકાશિકામાં સંપ્રદાયપરિચય ખંડમાં સંપ્રદાયની વ્યાખ્યા આ પ્રમાણે કરી છે. **''सम्प्रदायो गुरुक्रमः''** **''सम्प्रदीयते इति ''संप्रदायः''।** અર્થાત્ **''सम्प्रदायो गुरुपरम्परागतः सदुपदेशः''।**

**''मन्त्रादीनां श्रीहरेर्यद्गुरुशिष्यक्रमागतम् ।**
**सम्यक् प्रकर्षवद्दानं सम्प्रदायः स उच्यते ॥''**

પૂર્વ આચાર્યો દ્વારા ઉપદિષ્ટ વૈદિક જ્ઞાન તંતુથી બંધાયેલી ગુરુ-શિષ્યની પરંપરા જ સંપ્રદાય છે. દીક્ષા અને જ્ઞાનની પરંપરારૂપ તંતુથી બંધાયેલ ગુરુ-શિષ્યરૂપ આ સંપ્રદાય એક મોતીની માળાની જેમ છે.

જેવી રીતે માળામાં અનેક મોતી હોય છે, તે બધાને એક સાથે રાખવા માટે સૂત્ર (દોરા)ની જરૂરત પડે છે. આ દોરો બહાર દેખાતો નથી પરંતુ બધા મોતીઓને એક પંક્તિમાં રાખીને મંત્રજાપ કરવા માટે માળાને ઉપયોગી બનાવે છે. માળામાં મોતી અલગ અલગ હોવા છતાં દોરો એક જ છે જે બધા મોતીઓની અંદર રહે છે. જો કોઇ બે મોતીની વચ્ચેથી દોરો કપાઇ જાય તો બધાં મોતી વિખરાઇ જાય છે અને માળા પણ નષ્ટ થઇ જાય છે. આવી માળા જપ કરવા યોગ્ય રહેતી નથી. તેવી જ રીતે સંપ્રદાયમાં આચાર્ય અને શિષ્ય આ બન્ને મોતીની જેમ અનેક હોવા છતાં આ બધા આચાર્યો અને શિષ્યોના હૃદયમાં દોરાની જેમ શંખ, ચક્રાંકનાદિ સહિત મન્ત્રદીક્ષા અને મન્ત્રરહસ્યાર્થ તેમજ વૈદિક જ્ઞાનનો ઉપદેશ અવિચ્છિનરૂપથી પરંપરામાં ચાલ્યો આવે છે. જ્યારે પણ કોઇ આચાર્ય અને શિષ્યની વચ્ચે ઉપરોક્ત દીક્ષા વિધિ વિચ્છેદ થઇ જાય તો સંપ્રદાયની પરંપરા નષ્ટ થઇ જાય છે. ત્યારે જેમ વિખરાયેલ મોતીઓ ભલે પોત પોતામાં અસ્તિત્વ ધરાવે છે, પરંતુ જપ કરવા યોગ્ય રહેતાં નથી, તેવી રીતે સંપ્રદાયની પરંપરામાંથી જુદા પડેલા આચાર્યો ભલે પોતાને ધર્મગુરુ કહેવડાવતા હોય તો પણ મોક્ષરૂપ ફળદાઇ રહેતા નથી. તેથી સંપ્રદાયની પરંપરા ટકાવી રાખવા માટે આચાર્યો અને શિષ્યોની વચ્ચે જે દીક્ષા અને સૈદ્ધાન્તિક જ્ઞાન વહેતું રહેવું જોઇએ એને ક્યારેય તૂટવા ન દેવું જોઇએ.

વચનામૃત - વડતાલ ૧૮મું.

**પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''આ તમે સર્વે મોટા મોટા પરમહંસ છો તે તમને અમે પ્રશ્ન પૂછીએ છીએ જે, સત્સંગી હોય તેને અવશ્યપણે શી શી વાર્તા જાણવી જોઈએ? કેમજે, તેને કોઈક પૂછે અથવા પોતાના મનમાં કોઇક તર્ક થઈ આવે ત્યારે જો તે વાર્તા જાણી ન હોય તો તેનું સમાધાન કેમ થાય ?'' એમ પ્રશ્ન પૂછીને પછી પોતે જ બોલ્યા જે, ''લ્યો એનો ઉત્તર અમે જ કરીએ છીએ જે, એક તો આપણો ઉદ્ધવ સંપ્રદાય છે તેની રીત જાણી જોઈએ તથા ગુરુ પરંપરા જાણી જોઈએ, તે કેવી રીતે તો ઉદ્ધવ તે રામાનંદ સ્વામીરૂપે હતા, ને તે રામાનંદ સ્વામી શ્રીરંગક્ષેત્રને વિષે સ્વપ્રમાં સાક્ષાત્ રામાનુજાચાર્ય થકી વૈષ્ણવી દીક્ષાને પામ્યા. માટે રામાનંદ સ્વામીના ગુરુ તે રામાનુજાચાર્ય છે ને તે રામાનંદ સ્વામીના શિષ્ય અમે છીએ એવી રીતે ગુરુપરંપરા જાણવી. અને અમે અમારા ધર્મકુળનું સ્થાપન કર્યું છે તેની રીત જાણવી. અને ત્રીજા અમારા સંપ્રદાયમાં અતિપ્રમાણરૂપ જે શાસ્ત્ર છે, તેને જાણવાં. તે શાસ્ત્રનાં નામ આ પ્રમાણે છે -**

**[૧]વેદ, [૨]વ્યાસસૂત્ર, [૩]શ્રીમદ્ ભાગવત પુરાણ, [૪]મહાભારતને વિષે વિષ્ણુસહસ્રનામ, [૫]ભગવદ્ગીતા, [૬]વિદુરનીતિ, સ્કંદપુરાણના વિષ્ણુખંડ માંહિલું [૭] વાસુદેવમાહાત્મ્ય, અને [૮]યાજ્ઞવલ્કયસ્મૃતિ, એ જે આઠ શાસ્ત્ર તેને જાણવાં, અને ચોથા સર્વે સત્સંગીના જે જે નિયમ**

છે તેને જાણવા. અને પાંચમા આપણા ઈષ્ટદેવ જે શ્રીકૃષ્ણભગવાન તેને જાણવા, અને સ્થાનક, સેવક ને કાર્ય તેને ભેદે કરીને તે શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિઓનું બહુપણું છે તેને જાણવું અને તે શ્રીકૃષ્ણ ભગવાનનાં પરોક્ષરૂપ ને પ્રત્યક્ષરૂપ તેને જાણવાં તેમાં પરોક્ષરૂપ તે કેવી રીતે તો માયાના તમથકી પર એવો જે ગોલોક તેને મધ્યે જે અક્ષરધામ તેને વિષે શ્રીકૃષ્ણભગવાન રહ્યા છે, તે દ્વિભુજ છે ને કોટિ કોટિ સૂર્ય સરખા પ્રકાશમાન છે ને શ્યામસુંદર છે ને રાધિકાજી ને લક્ષ્મીજીએ સહિત છે ને નંદ, સુનંદ ને શ્રીદામાદિક જે પાર્ષદ તેમણે સેવ્યા છે ને અનંતકોટિ બ્રહ્માંડની જે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે, ને મહારાજાધિરાજ પણે વિરાજમાન છે. અને એવા જે એ ભગવાન તે ચતુર્ભુજ રૂપને ધારે છે, અષ્ટભુજ રૂપને ધારે છે ને સહસ્રભુજ રૂપને પણ ધારે છે. ને વાસુદેવ, સંકર્ષણ, અનિરુદ્ધ ને પ્રદ્યુમ્ન એ જે ચતુર્વ્યૂહ ને કેશવાદિક જે ચોવીસ વ્યૂહ એ સર્વે રૂપને ધારે છે, તથા વરાહ, નૃસિંહ, વામન, કપિલ, હયગ્રીવ એ આદિક જે અનેક અવતાર તેને ધારે છે ને પોતે તો સદા દ્વિભુજ છે. અને ઉપનિષદ તથા સાંખ્યશાસ્ત્ર ને યોગશાસ્ત્ર તથા પંચરાત્ર એમને વિષે એ જ સ્વરૂપનું વર્ણન કર્યું છે એવી રીતે પરોક્ષપણે ભગવાનનું સ્વરૂપ કહ્યું અને સર્વે જે આચાર્ય થયા છે તેમાં વ્યાસજી મોટા આચાર્ય છે...

એવી રીતની વાર્તાને સાંભળીને સર્વે સાધુ ને સત્સંગી તે એમ સમજતા હવા જે, એ પરોક્ષ જે શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા, તે જ આ ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજ છે, પણ એ થકી પર કોઈ નથી. અને એ જ આપણા ઈષ્ટદેવ છે ને ગુરુ પણ એ જ છે. (વ.વ.૧૮)

આ વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે ભક્તોના મનમાં એક જિજ્ઞાસા જગાડી કે સત્સંગીને પાંચ મુખ્ય વાતને અવશ્ય જાણી રાખવી જોઈએ. તે પાંચ વાતોમાં એક વાત **'ગુરુપરંપરા જાણી રાખવાની'** કહી છે. અહીંયા શ્રીહરિએ પોતાના ગુરુ શ્રીરામાનંદ સ્વામીના નામ સાથે પોતાના પરમગુરુ શ્રીરામાનુજાચાર્યના નામનો પણ ઉલ્લેખ કર્યો છે. શ્રીહરિને કહેવાનો અભિપ્રાય એ છે કે જેમ અમારા ગુરુ શ્રીરામાનંદ સ્વામી છે અને શ્રીરામાનંદ સ્વામીના ગુરુ શ્રીરામાનુજાચાર્ય છે એવી રીતે પૂર્વ પૂર્વ આચાર્યોને પણ યાદ કરવા જોઈએ અને તેઓના જીવન ચરિત્ર વિષે જ્ઞાન હોવું જોઈએ.

શ્રીહરિની આ આજ્ઞાનું પાલન કરીને ઉદ્ધવ સંપ્રદાયના ભક્તોની જિજ્ઞાસાપૂર્તિ માટે સૌના આદિ આચાર્ય ભગવાન શ્રીનારાયણથી લઈને વર્તમાન ગુરુ સુધી બધા આચાર્યોનું જીવન ચરિત્ર આ લેખમાં કહેવામાં આવશે.

**ક્રમશ**

# વાર્ષિક લાભ પાંચમ શિબિર જોગ

**કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળ માટેની આગામી લાભ પાંચમ ચતુર્દશ શિબિર સંવત્ ૨૦૭૪ છપૈયા મહોત્સવ હોવાથી શિબિરનો પ્રારંભ સંવત ૨૦૭૪ના તા. ૨૩ થી ૨૬ ઓક્ટોબર ૨૦૧૭ દરમ્યાન યોજાશે.**
**શિબિરાર્થી પોતાના કેન્દ્રમાં ફોર્મ ભરી લાભ લઈ શકશે.**
**તા. ૨૨-૧૦-૨૦૧૭ના સાંજે ૫:૦૦ વાગ્યે**
**શિબિર સ્થળે હાજર થઈ જવાનું રહેશે.**

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિર, ભુજ-મિરજાપર રોડ.**

## મહંત સ્વામીનો પત્ર


# દિવાળી તથા નવા વર્ષના હેતભર્યા જય શ્રી સ્વામિનારાયણ



સંવત્ ૨૦૭૪નું વર્ષ આપને, આપના પરિવારજન, આત્મીયજન, સ્નેહીજન સૌ માટે સુખ, સમૃધ્ધિ, સુવિધાસભર અને સ્વાસ્થ્યવર્ધક બની રહે. પરસ્પર એક્તા અને આત્મીયતામાં સંપ અને સ્નેહની સુગંધ ભળે. ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય સાથે શ્રીજી મહારાજની આજ્ઞાપાલન અને ઉપાસનામાં દૃઢતા આવે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા અનીતિ જેવા અંતઃ શત્રુઓનું બળ ઘટે અને સ્નેહ, સત્કાર્યો, સુસંસ્કારો અને સત્સંગનું બળ વધે. જીવનમાં નીતિ અને ભક્તિનું પ્રાધાન્ય રહે. અંતરમાં રહેલો અંધકાર ઓગળી જાય અને પવિત્રતાનો પ્રકાશ પથરાય, આત્મશુધ્ધિ અર્થે અધ્યાત્મનું અર્જન થાય. સત્શાસ્ત્રોનાં પઠન, શ્રવણ, ચિંતન અને મનનથી જ્ઞાન દીપ પ્રગટે અને તેનાં પ્રકાશથી જીવનનાં મૂલ્યોની સમજ સાથે સંસ્કારો અને સદ્ગુણોથી આપનું વ્યક્તિત્વ દીપી ઉઠે. પરમતત્ત્વની પ્રસન્નતાર્થે સત્કાર્યો કરવાની પ્રેરણા પ્રાપ્ત થતી રહે. જીવનમાં મુશ્કેલીઓ અને સમસ્યાઓ તો આવે પરંતુ તેવા સમયમાં પણ ધીરજ ધરીને શ્રીજી મહારાજમાં સંપૂર્ણ શ્રધ્ધા રાખવાનું બળ પ્રાપ્ત થાય. પૂર્ણ નિષ્ઠા સાથે પ્રભુપરાયણ થઈ દાસાનુદાસ ભાવ સાથે સત્સંગને સમર્પિત થવાય એવી પરમકૃપાળુ શ્રીનરનારાયણદેવનાં ચરણકમળમાં પાર્થના સહ નૂતન વર્ષ તથા દિવાળીના ઘણા હેતપૂર્વક શુભાશીર્વાદ સહ જય શ્રી સ્વામિનારાયણ.





શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકો, લેખકો, કાર્યકરો, કર્મચારીઓ, હરિસેવકો, શુભચિંતકો તેમજ ઉધ્ધવ સંપ્રદાયના સર્વે સત્સંગી હરિભક્તો સૌને દિવાળીની શુભેચ્છાસહ નવા વર્ષના જય શ્રી સ્વામિનારાયણ !

નૂતન વર્ષે નવા સંકલ્પ કરી પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરો. જૂના રાગ–દ્વેષ ભૂલી અદેખાઈની ઊંડી ખાઈને કાયમ માટે પૂરી દો. સત્કર્મ સાથે સત્કાર્યો પરિપૂર્ણ કરવા નવા જોમ, જુસ્સા અને ઉલ્લાસથી ઉમંગભેર જીવનને સાચી દિશામાં ગતિશીલ બનાવો. આદરેલાં અધૂરાં કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ થાય. કૌટુંબિક પ્રેમ અને સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. કીર્તિ અને સમૃધ્ધિમાં વૃધ્ધિ થાય. જીવનમાંથી નિરાશા અને નિષ્કાળજી દૂર થાય. ઉત્સાહ, આત્મીયતા, પ્રેમ, ભક્તિ, નિઃસ્વાર્થભાવ સાથે પરસ્પર ભાઈચારાનો નવો સંચાર થાય. જીવન જીવવાના પથ પ્રદર્શિત કરતા શિક્ષાપત્રી, વચનામૃત આદિ સત્‌શાસ્ત્રોના જ્ઞાન દીપક  પ્રગટે અને જીવન પથમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રત્યે શ્રધ્ધા અને દાસત્વભાવ સાથેના સંપૂર્ણ સમર્પણ ભાવનો પ્રકાશ પથરાય. સદાય સુખિયા, સ્વસ્થ, સમૃધ્ધ આરોગ્યપ્રદ અને પ્રગતિશીલ રહો. ભક્તિમાં દ્રઢતા આવે અને પ્રભુમય જીવન વ્યતીત થાય એવી શ્રીજી મહારાજનાં ચરણોમાં મંગલમય પ્રાર્થના સાથે નવા વર્ષ નિમિત્તે રૂડા આશીર્વાદ સાથે જયશ્રી સ્વામિનારાયણ .

– તંત્રી મંડળ

# બંધિયાનાં લક્ષ્મીબા



બંધિયા એટલે એ ગામ કે જ્યાં મુકુંદદાસ (મુક્તાનંદ સ્વામી) સરધારના આશ્રમના મહંત પાસેથી તેના હસ્તાક્ષરમાં પોતે તેના આશ્રમમાંથી છૂટા થઈ ગયા છે તેવો પત્ર લખાવીને લાવેલા. આ ગામ ગોંડલ તાલુકાનું નાનું એવું ગામડું છે. આ ગામમાં રામાનંદ સ્વામીનો પ્રવર્તાવેલો સત્સંગ છે. અહીંના દરબાર મૂળુભા, તેમના પત્ની આદુબા, તેમના લઘુ બંધુ જેહાજી તથા બહેન લક્ષ્મીબા સૌ રામાનંદ સ્વામીના આશ્રિત થયા હતા.

મુકુંદદાસ જ્યારે પત્ર લઈને આવ્યા ત્યારે રામાનંદસ્વામીએ તેમની પોતાના પ્રત્યેની લાગણી જોઈને સત્સંગમાં લેવાની તૈયારી બતાવી, પરંતુ કહ્યું કે, ''અમારી આજ્ઞામાં રહી શકશો ?'' મુકુંદદાસે (મુક્તાનંદ) ઉત્સાહભેર હા પાડી. રામાનંદ સ્વામી કહે, ''તો એમ કરો. આ મૂળુભા અમારા ભક્ત છે. સત્સંગી છે. તમે તેના ખેતરમાં સાંતી હાંકો અને ખેતી કરો. રહેવાનું તમારું તેમના દરબારગઢમાં રાખજો.'' મુકુંદદાસે તો આજ્ઞા પાળવામાં જરાય ઢીલ, વિચાર ન કર્યો બસ, વળગી ગયા મૂળુભાના ખેતી કાર્યમાં

મુકુંદદાસ દિલ દઈને કામ કરવા લાગ્યા. મૂળુભા દરબારે મુકુંદદાસને કામ કરતા જોઈને, રામાનંદ સ્વામીની આજ્ઞામાં  વિના વિચારે, લગનીથી વર્તતા જોયા. તેમને મહેનત કરતાં જોઈને મૂળુભાનું હૃદય વ્યથિત થઈ ગયું. તેઓના અંતરમાં આ મુમુક્ષુ જીવને સખત કામ કરતા જોઈને દાઝ થવા લાગી. તેઓ રામાનંદ સ્વામીને મળ્યા. તેમની સમક્ષ પ્રાર્થના, વિનંતી કર્યા. તેમની પ્રાર્થના રામાનંદ સ્વામીએ સ્વીકારી. મુકુંદદાસને દીક્ષા આપી અને નામ આપ્યુ 'મુક્તાનંદ' આમ 'બંધિયા' નામના આ નાના એવા ગામમાંથી મુક્તાનંદ સ્વામી જેવા મહાન સદગુરુ, કવિ અને સત્સંગની 'મા' સ્વામિનારાયણ સંપ્રદાયને પ્રાપ્ત થયા.

બંધિયા ગામેથી સંપ્રદાયને સંત સેવા તત્પર, શ્રીજી પરાયણ, આત્મનિષ્ઠ સાધક, સ્નેહમૂર્તિ અને શ્રીહરિના આજ્ઞા પાલક એવા લક્ષ્મીબા પણ મળ્યા. લક્ષ્મીબા ખરેખરા મુમુક્ષુ હતા. શ્રી સહજાનંદ સ્વામી તથા રામાનંદ સ્વામી પાસેથી તેમણે યોગાભ્યાસ માટેનું અમૂલ્ય માર્ગદર્શન મેળવીને યોગિક ક્રિયાઓનો પણ અભ્યાસ કરેલો. આ અભ્યાસના પરિણામે લક્ષ્મીબાની ચિત્તની વૃત્તિ ભગવાનમાં જોડાયેલી જ રહેતી. સંસારી સુખોના અસારપણાનું જાણપણું કાયમ રહેતું. જગત સંબંધી પંચ વિષયો પરત્વે મનમાં ઉદાસીનતા જ છવાયેલી રહેતી. લગ્ન ન કરીને સાંસારિક સુખોને બદલે પરમાત્માના સુખને માટે અવિવાહિત જીવન જીવી લેવાનો સંકલ્પ કર્યો. આ સંકલ્પ તેમણે કુટુંબના વડીલોને પણ કહ્યો.

મૂળુભા દરબારે કહ્યું, ''લક્ષ્મીબા, તમારો આ સંકલ્પ શ્રેષ્ઠ છે. પરંતુ મારું માનવું એમ છે કે મહારાજને આ સંકલ્પની વાત કરીએ.'' લક્ષ્મીબા આ બાબતે ભાઈ સાથે સહમત થયા.

સંજોગોવશાત શ્રીજીમહારાજ આ સમયમાં જ બંધિયા પધાર્યા. મૂળુભાને ત્યાં જ ઉતર્યા. મૂળુભાએ પોતાના બહેનની વાત કરતા કહ્યું, ''મહારાજ ! અમારા બહેન લક્ષ્મીબાએ એવી જિદ્ પકડી છે કે લગ્ન ન કરવા તો આપ તેમને આ બાબતે સમજાવો તો સારું.

મહારાજ કહે, ''મૂળુભા અમે તમારી ચિંતા દૂર કરવા જ આવ્યા છીએ.''

સાંજની સત્સંગ સભા પૂરી થયા બાદ શ્રીજીમહારાજે લક્ષ્મીબાને બોલાવ્યા, અને કહ્યું, ''લક્ષ્મીબા, અમે તમારી વાત તમારા ભાઈ પાસેથી જાણી. તમારો સંકલ્પ અમને ખૂબ જ ગમ્યો છે. તમને તો સંસારના બંધન ગમે નહીં, પરંતુ આ

વિશ્વમાં તમે આવ્યા એટલે કંઈક વિશિષ્ટ કાર્ય કરવા જ આવ્યા છો. તમે વળી રામાનંદ સ્વામી જેવા સામર્થ્યશાળી ગુરુના શિષ્યા પણ છો તેથી તમે તો સંસારના જીવાત્માઓને તેમના સંસારને અતિ પવિત્ર બનાવવાની પ્રેરણા આપો, જેથી તેઓ આ બંધનકારી સંસારમાં પવિત્રમય જીવન જીવે અને તેમના જીવનને શોભાડે. અમારો એ અભિપ્રાય છે કે તમે લગ્ન કરીને સંસારમાં જ રહો. સંસારી જીવનમાં ભક્તિ કરો અને અન્યોને ભક્તિના માર્ગે લઈ જનારા પથપ્રદર્શક બનો.'' લક્ષ્મીબા તો વિશ્વાસુ ભક્ત હતા. તેમણે મહારાજની આજ્ઞા સ્વીકારી લીધી.

મૂળુભાના પરિવારમાં આનંદ છવાઈ ગયો. લક્ષ્મીબાના લગ્ન રાજકોટ કરવામાં આવ્યા. લક્ષ્મીબાએ રાજકોટમાં કથાવાર્તાથી મુમુક્ષુ બહેનોને સત્સંગનો મહિમા સમજાવવા માંડ્યો.

યોગાભ્યાસ કરતાં કરતાં લક્ષ્મીબાને શ્રીહરિની કૃપાથી સમાધિ સિદ્ધ થયેલી.

# પુનર્જન્મ

- ધરમશીભાઈ દેવશી ભગત,
ત્રિવેન્દ્રમ કેરાલા

અરદેશર જીના આમંત્રણથી મહારાજ સુરત શહેરમાં પધાર્યા. સવારી શહેરના માર્ગથી પસાર થતી હતી. ઢોલ નગારાંને શરણાઈઓ વાગતી હતી. સવારીને જોવા માનવ મહેરામણ ઉમટ્યો હતો. અવાજ સાંભળી  એક ધનાઢ્ય વૈષ્ણવનો છોકરો કહે બાપા મારે આ સવારી જોવા જાવી છે. બાપાએ ના પાડી એ  ન જોવાય. એ સ્વામિનારાયણની સવારી છે તે કામણ ટૂમણ કરે છે. તેની નજર લાગે તો કંઈક થઈ જાય. તું એકનો એક દીકરો છો. બધા જાય છે તો મને શા માટે ના પાડો છો ? ઘરનો ચોકીદાર બોલ્યો અરે જાને દો  લડકા હૈ, દેખને દો, રજા દો તો હમ લેકે જાવે. બાપ કહે, ઠીક હે લે જાઓ ઓર સંભાલના. ચોકીદાર છોકરાને લઈને ચાલ્યો. મહારાજ ઘોડે  સવાર હતા કિંમતી જરિયાન વસ્ત્રો ધારેલા. મહારાજની નજર આ  છોકરા પર પડી બંને નજર એક થતાં છોકરાના પૂર્વના ભાગ્ય જાગી ઉઠ્યાં. છોકરો રડવા લાગ્યો હિબકે ચડ્યો. ચોકીદાર કહે બેટા રોના મત. તેરા બાપ મુજકો ડાંટેગા. ચોકીદાર છોકરાને લઈ ઘેર આવ્યો ને કહ્યું. શેઠજી તમે કહેતા હતા તે સાચું થયું. છોકરાને સ્વામીની નજર લાગી ગઈ. રડતો બંધ નથી થતો. તું એક કામ કર, લે આ પૈસા  ને જા આપણા ગુરુ ગૌસાઈજી પાસે. ફુલહાર લેતો જા, ને પ્રસાદમાં  પતાસાં લેતો જજે. ગુરુને ભેટ ધરજે ને નજર  ઉતરાવી આવજે. ચોકીદાર છોકરાને લઈ ગુરુ ને ઘેર જતો હતો. રસ્તામાં છોકરાએ  પૂછ્યું, સ્વામિનારાયણનો ઉતારો ક્યાં છે ? મને ત્યાં લઈ જાવ. ના ના તારો બાપ મને નોકરીમાંથી કાઢી મૂકે. અરે બાપાને ક્યાં ખબર છે ક્યાં જઈ આવ્યા ? તમે બોલશો નહિ લે આ ૧૦ રૂપિયા. એક સૈનિકને પૈસા આપી મહારાજનો ઉતારો ક્યાં છે જાણી લીધું.

ભાઈચંદ ભાઈને ઘેર મહારાજનો ઉતારો હતો. ચોકીદાર છોકરાને લઈ ત્યાં ગયો. લાવેલી ભેટ ને પ્રસાદ મહારાજના ચરણે ધર્યા ભેટ મૂકી. છોકરાને જોઈ મહારાજ બોલ્યા, અરે આને તો ક્યાંક જોયો છે. આ જન્મમાં નહિ પૂર્વ જનમમાં.  દક્ષિણ ભારતમાં કાવેરી નદીના કિનારે આવેલ શ્રીરંગક્ષેત્રમાં વાડીમાં બગીચાનો માળી હતો. નીલકંઠ રૂપે અમે ત્યાં પધારેલા ત્યારે અમે એ બગીચામાં બેઠેલાં. બપોર થતાં તું ઘેરથી લાવેલ ભાતું જમવા બેઠોને તે અમને સવારથી બેઠેલાને ભૂખ્યા હશે જાણી તારું ભાતું અમને આપી દીધું. એક પવિત્ર સંત જાણીને અમે તેનો ભાવ જોઈ જમ્યા તેને કેળાં લાવી આપ્યાં તે પણ જમ્યા. અમે પછી ચાલી નીકળ્યા. ત્રીજે દિવસે આ માળીને સાપ કરડ્યો ને મૃત્યુ પામ્યો. બીજા જન્મે સુરતમાં આ વૈષ્ણવ શેઠને ઘેર થયો. તારું પુણ્ય ઉદય થયું. ને અમારા દર્શન થયાં. છોકરાએ આંખો બંધ કરી પૂર્વ જન્મની યાદ આવી. ભાનમાં આવી કહે, તમે તો ઈશ્વર છો. હવે મારે સંસારમાં નથી પડવું. મને તમારી સેવામાં રહેવું છે. ઘેર નથી જવું. મહારાજ કહે તારો બાપ વૈષ્ણવ છે. રજા નહિ આપે. એક કામ કર, ઘેર રહીને અમારું ભજન કરજે. અમે તારું કલ્યાણ આ સંતોની હારે કરશું. છોકરો ઘેર ગયો. શેઠે પૂછ્યું, ગોસાઈને પગે લગાડ્યો ને ? ચોકીદાર કહ્યું, હા શેઠ સારું થઈ ગયું. એક વાર જેનું જમ્યા તેનું ફળ તો જુઓ. કરેલા પાપ પીછો છોડતાં નથી તેમ કરેલું પુણ્ય પણ પીછો છોડતું નથી.

# ભક્તના સુખે સુખી અને દુઃખે દુઃખી ભગવાન નાભાજી

-વેકરિયા હસ્મિતા લાલજી, સુખપર

અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ ભક્ત આધિન ભગવાનને કોટિ-કોટિ નમન અને વાંચકમિત્રોને જય શ્રી સ્વામિનારાયણ. ભક્તો જરા મનથી વિચાર કરજો કે ભગવાનના ભક્તને દુઃખ આપવાથી કે અપરાધ કરવાથી આપણે કોના ગુનેગાર થઈએ છીએ? તે વિશે આપણે જાણીએ.

એક મોટા વનની અંદર એક નાનું બાળક રડતું હતું. તે વખતે એક સાધુ ત્યાંથી નિકળ્યા. ઝાડની છાયામાં બાળકને રડતું જોઈને સાધુને દયા આવી તેથી છોકરાને તેમણે તેડી લીધા. પછી પોતાના કમંડળમાંથી પાણી છાટ્યું. તેથી છોકરાએ આંખ ઉઘાડી ત્યાંથી સાધુ અગલ નામના ગામમાં આવ્યાં. ત્યાં અગ્રદાસ નામના મોટા સંત રહેતા હતા, તેમને આ બાળક સોંપ્યું. એ બાળક એક વિધવા બ્રાહ્મણીનો હતો. તેના દેશમાં દુષ્કાળ પડ્યો હતો તેથી પોતાના પ્રાણ પ્યારા પુત્રને જંગલમાં મૂકી આવી હતી.

તે બાળક અગ્રદાસના મઠમાં રહીને મોટો થવા લાગ્યો. ત્યાં રહીને રાત-દિવસ સંતોની સેવા કરતો. સમય જતાં તે બાળક સાત વર્ષનો થયો. એક દિવસ ગુરુ ધ્યાનમાં બેઠા છે તે બાળક પ્રેમથી પંખો નાખતો હતો. એવામાં બન્યું એવું કે અગ્રદાસનો એક વણિક શિષ્ય વહાણમાં માલ ભરીને દરિયામાં આવતો હતો. મધ્ય દરિયામાં આવતા તોફાન ઉપડ્યું, તેથી વહાણ ડોલવા લાગ્યું. તેથી તે શિષ્ય પોતાના ગુરુને પ્રાર્થના કરવા લાગ્યો, 'હે ગુરુદેવ! મારી નૌકા ડુબી રહી છે. આપ કૃપા કરીને મને બચાવો. જો હું પાર ઉતરી જઈશ તો આ બધો માલ તમને અર્પણ કરી દઈશ.' ધ્યાનમાં બેઠેલા અગ્રદાસને કાને શિષ્યનો નાદ સંભળાયો તેથી તેમણે પોતાના યોગ બળથી બ્રહ્માંડના વાયુને ખેંચતા બહુ જ પરિશ્રમ પડ્યો. ત્યારે બાળક બોલ્યો કે 'હે ગુરુદેવ! શા માટે આટલું કષ્ટ લીધું આપના યોગ બળના પ્રતાપે વહાણ પાર ઉતરી જાત. આ શબ્દો સાંભળતા જ ગુરુનું ધ્યાન ભંગ થયું. આંખ ઉઘાડી બાળકને પુછ્યું કોણ બોલ્યું, ત્યારે તે બાળકે કહ્યું કે એ તો હું જ બોલ્યો. ગુરુએ બાળકને કહ્યું કે મારી નાભીની વાત તને કેમ જાણવામાં આવી? ત્યારે બાળકે કહ્યું કે, 'હે ગુરુદેવ! આપ જેવા મોટા સંતોની સેવામાં અનેરો ચમત્કાર ભરેલો છે. બાળકે વાત કરી કે નારજી પહેલા એક દાસીપુત્ર હતા, તેમની માતા સંતોની સેવા કરતા. સંતોને ભોજન જમાડતા અને વધેલો પ્રસાદ દીકરાને જમાડતા એમ કરતા દાસી જેવી મૃત્યુ પામી કે તેના દીકરાએ જંગલમાં ખૂબ જ ઉગ્ર તપ કર્યું. બીજા જન્મે તે બ્રહ્માના પુત્ર નારદજી થયા. શિષ્યની તે વાત સાંભળીને ગુરુ આનંદ પામ્યા અને કહેવા લાગ્યા કે તે આજે મારી નાભિની વાત જાણી લીધી માટે આજથી તારું નામ નાભાજી રહેશે. હવે તું જન કલ્યાણ માટે ભક્તમાળા નામનો ગ્રંથ રચવાની શરૂઆત કરી. ત્યારે બાળક કહે, ગુરુદેવ ભગવાનના ગુણલા ગાઉ પરંતુ ભક્તના જીવન ચરિત્રની માહિતી મને ક્યાંથી હોય? ગુરુ કહ્યું કે મારી નાભિની વાત જાણી તેથી તને ભક્તોની માહિતી પણ જાણવામાં આવશે.

બાળકે સેવા કરતા એક દિવસ સૂવાની તૈયારી કરી ત્યાં તો મૂર્તિમાંથી અવાજ આવ્યો તે સાંભળીને નાભો તો સ્થિર થઈ ગયો ને કહ્યું પ્રભુ તમે! પ્રભુએ કહ્યું કે હે નાભા! આ અગ્રદાસ આખો દિવસ પૂજા કરીને મને અકળાવી નાખે છે હવે તો તારા જેવા સાથે રમવાનું મન થાય છે. નાભાએ કહ્યું કે હું પણ કંટાળી ગયો છું. પછી બાળ સ્વરૂપ ભગવાન મંદિરમાંથી બહાર ગયા અને નાભા સાથે લખોટીઓ રમવા લાગ્યા. ભગવાન નાભાની સર્વે લખોટીઓ જીતી ગયા તેથી નાભો ઉદાસ થઈ ગયો તેથી

ભગવાને તેમની પાસે આવીને કહ્યું કે કેમ ઉદાસ થઈ ગયો? હારી ગયો એટલે ને લે આ દસ લખોટીઓ તને ઉછીની આપું છું. ફરી બંને જણા રમવા લાગ્યા. અખિલ બ્રહ્માંડોને આંખના ઇશારાથી નચાવે તેવા નટવર ભક્તની પાસે દાવ ચૂકવા લાગ્યા.નાભાએ ભગવાનની બધી લખોટીઓ જીતી લીધી એટલે પ્રભુ રડવા લાગ્યા, પ્રભુએ રડતા જોઈને નાભાને દુઃખ થયું. રમત પડતી મૂકીને પ્રભુ પાસે આવ્યો ને ભગવાનના આસું લૂછતાં કહ્યું કે પ્રભુજી! લ્યો આ લખોટી હવે છાના તો રહો. એમ કહ્યું એટલે પ્રભુ રાજી થયા અને કહ્યું કે નાભા હવે તો મને ખૂબ ભૂખ લાગી છે. નાભાએ કહ્યું કે રાતના બાર વાગી ગયા. આજે ભૂખ્યા સૂઈ કાલે તમારા માટે પ્રસાદીનો દડીયો ભરી લાવીશ. ભગવાને કહ્યું કે, 'ભલે ભૂલતો નહિ, દિવસે તો ઘણાય ભોગ ધરાવે છે પરંતુ રાત્રે તો કોઈ ભાવ પૂછતું નથી.' આપણે બંનેય પ્રસાદ જમીશું, એમ કહીને સૂઈ ગયા.

બીજે દિવસે પ્રભુના વાયદા પ્રમાણે નાભાએ કહ્યું કે પ્રભુ આજ તો સંતોની એઠી પ્રસાદીમાંથી બે દડીયા ભરીને લાવ્યો છું. પ્રભુએ કહ્યું કે લાવ-લાવ આજ તો ખૂબ જ ભૂખ લાગી છે. નાભાએ દડીયા પ્રભુને આપ્યાં જમતાં-જમતાં પ્રભુએ કહ્યું કે, 'નાભા તારા પ્રસાદમાં તો અમૃતથી અધિક મીઠાશ આવે છે.' ત્યાં તો ગુરુ જાગ્યા આવી ત્યાં આવી પહોંચ્યા ને જોયું તો નાભો પ્રભુને એઠો પ્રસાદ જમાડે છે. પ્રભુ તો તરત જ મંદિરમાં ચાલ્યા ગયા ને બિચારી નાભો તો ગુરુજીની ઝપટમાં આવી ગયો. ગુરુજી તો નાભાના કાન પકડીને બે-ચાર તમાચા મારીને કહ્યું કે લુચ્ચા મારા ભગવાનને સંતોનો એઠવાળ ખવરાવે છે? બિચારો નાભો ગાલને પંપાળતો રહ્યો, આંખમાંથી આંસુ પડવા લાગ્યા, નાભો ડુસકા ભરતો ગોદડીમાં મોં નાખીને સૂઈ ગયો.

બીજે દિવસે પ્રભાત થયું ત્યારે ગુરુજીએ ભગવાન આગળ મંગળ ભોગ ધર્યો પણ પ્રભુ જમ્યા નહિ ત્યારે ગુરુએ પૂછ્યું તોય પ્રભુએ કંઈ જવાબ ન આપ્યો અને મુખારવિંદ ફેરવી નાખ્યું. પ્રભુના બંને ગાલ લાલચોળ થઈ ગયા તે જોઈને ગુરુએ કહ્યું કે, 'તમે ગમે તેમ માનતા હો પણ મારા અને ભક્તના શરીર જુદા છે પણ પ્રાણ તો એક જ છે. હું ભક્તોના દુઃખી દુઃખે અને સુખે સુખી છું.

ત્યારે ગુરુએ કહ્યું કે નાભો તમને એઠવાડ જમાડતો હતો એટલે મેં તેને માર્યું. પ્રભુએ કહ્યું કે નાભો મને શું જમાડતો હતો અને કયા ભાવથી જમાડતો હતો એ તમને ખબર છે? હું વસ્તું જો તો નથી પણ ભક્તના ભાવને જોઉ છું. ગુરુએ કહ્યું કે મારો અપરાધ ક્ષમા કરો ત્યારે ભગવાને કહ્યું કે હું તો ક્ષમા કરું પણ તમે અપરાધ નાભાનો કર્યો છે માટે ક્ષમા તો નાભાની જ માંગો ત્યાગે ગુરુએ કહ્યું કે તમારા ગાલ ઉપર સોજો થયો છે તે કેવી રીટે મટશે? ત્યારે પ્રભુએ કહ્યું કે નાભાના ગાલ ઉપર શેક કરો તો મારો સોજો ઉતરી જશે. ગુરુજીએ નાભા પાસે માફી માંગતા કહ્યું કે હે નાભા મને ક્ષમા કર. જો મેં તને ખૂબ માર્યો એટલે મારાથી તારો અપરાધ થયો છે. આમ કહીને ગુરુએ નાભાના ગાલ ઉપર શેક કર્યો તેથી ભગવાનના અને નાભાના બંને જણના ગાલ પરથી સોજો ઉતરી ગયો અને ભગવાન પ્રસન્ન થઈ ગયા અને નાભાજીએ ભક્તમાળા ગ્રંથ લખવાની શરૂઆત કરી હતી.

ભક્તો! આ વાત પરથી જાણવા મળે છે કે ક્યારેય જાણે-અજાણે ભગવાનના ભક્તનો દ્રોહ કે અપરાધ ન કરવો. શ્રીજી મહારાજે વચનામૃતમાં પણ કહ્યું છે કે જીવ તો અજર ને અમર છે. પરંતુ એમ પણ વાર્તા કરી છે કે ભગવાન કે ભગવાનના ભક્તનો દ્રોહ કરનારને પંચ મહાપાપ કરતા પણ અધિક પાપ લાગે છે અને આગળ સમય જતાં તેનું ભુડું થાય છે અને તેના જીવનો પણ નાશ થઈ જાય છે માટે ભક્તના અપરાધ કરવાથી ભગવાનના અપરાધના ગુનેગાર થઈ જઈશું.

માટે ભક્તો! આવા ભગવાન અને ભગવાનના ભક્તનો ક્યારેય અપરાધ કે દ્રોહ ન થાય તેવી ભગવાન શક્તિ આપે અને સૌનામાંથી ગુણ ગ્રહણ કરવાની પણ શક્તિ આપે એ જ શ્રી નરનારાયણ દેવના ચરણોમાં પ્રાર્થના... જય શ્રી સ્વામિનારાયણ.

# ઝવેર ભગતની પ્રભુએ કરેલી રક્ષા

- ડો. એચ.વી. કેરાઈ, અંજાર

ઝવેર ભગત રોજ વહેલી સવારે ઊઠે. અને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતા છેક સાબરમતીએ સ્નાન કરવા જાય. વળતે ગામની પાદરે આવેલા કોટેશ્વર મહાદેવના દર્શને જાય. ગામના અમુક દ્રોહી શખ્શોને ભગતનું આ રોજ ઊંચા સાદે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલવું પસંદ ન પડ્યું. એમની મીઠી ઊંઘમાં ખલેલ પડે. પણ કોઈનામાં હિંમત નહિ કે સામુ ચાલીને ઝવેર ભગતને કોઈ જાહેરમાં ભગવાનનું નામ બોલતા રોકી શકે. સાંજે વાડીએથી આવે ત્યારે પણ મુખમાં સ્વામિનારાયણ મંત્ર. અન્ય અમુક ગ્રામજનોને પણ એ ભાવતું નહિં. શંકરપંથી આ ગામમાં આ એકલો સ્વામિનારાયણીયો અને તે પણ આટલા વટથી નામ બોલે ! અમુક ગ્રામજનો ભેગા થઈને ગામના દરબાર આગળ ઘાં નાખી પણ દરબારની પણ આ ઝવેર ભગતને સ્વામિનારાયણ ભગવાનનું નામ ઊંચે સાદે ન લેવાનું કહેવાની હિંમત ન ચાલી. એને પણ ગુજરાતમાં જબરો પ્રભાવ જમાવતાં પ્રત્યક્ષ ભગવાન પ્રત્યે અંદર પેઠે આદરભાવ. એટલે ભલેને બોલતાં કહીને મન મનાવી લીધું.

ઝવેર ભગતનું તીલક, કંઠી અને મુખે નિત્ય સ્વામિનારાયણ ભગવાનનું નામ એ એની અજબ શક્તિ હતી. ગામના ઉધ્ધત યુવાનો પણ એના સામે ધુમ્રપાન ન કરે. દારુ ન પીએ અને બીભત્સવ શબ્દો ન બોલે. ગામડાંની તમામ નારીઓ એની મર્યાદા રાખે અને લાજ તાણે. અને ઝવેરભાઈને 'દાદા' કહીને બોલાવે. સૌ કોઈ એમની આમાન્યા રાખે. ગામના છોકરાઓને ભગત નિત્ય શેરડી, બોર, કેરી કે જામફળ પ્રસાદરૂપે આપે અને છોકરા રાજી થાય.

પણ ગામના શક્તિપંથીઓને ફક્ત એકમાત્ર સ્વામિનારાયણના સત્સંગીનો ગામમાં આટલો પ્રભાવ દેખી શકાયો નહિં. પીરપંથીઓ પણ સાથે જોડાયા અને ઝવેર ભગતને ત્રાસ આપવાનું શરૂ કર્યું. તેઓ ટોળી થઈને એમના સામે ડખો કરતા. એમના ફળીયામાં જઈને ડુંગળી લસણ નાખીને આવે. અમુક મલિન તત્ત્વોએ તો એમના આંગણે માંસનાં ટૂકડાં પણ નાખ્યા. અમુક દુષ્ટોએ તો સાહસ કરીને એમના પીવાના પાણીના ટાંકામાં પોતાના ગંદા હાથ બોળવાનું પણ સાહસ આદર્યું.

એક દિવસ આ સઘળા દુષ્ટો ભેગા થયા અને ઝવેરભાઈને જીવનભરનો પાઠ ભણાવવાનું નક્કી કર્યું. 'ન રહેગી બાંસ ન બજેગી બાંસુરી' એવું કાવતરું કરવું કાં ઝવેર ભગત ગામ છોડીને ભાગી જાય અને કાંતો હંમેશના માટે એમની જીવન-જ્યોતી ઓલવાઈ જાય. અને પોતે કોઈ વાંક ગુન્હામાં ન આવે.

એમણે એક વખત ઝવેરભાઈને ગામ વચ્ચે ઊભા રહીને પૂછ્યું કે તમે જે સ્વામિનારાયણ ભગવાનનું નિત્ય નામ લો છો એ ખરેખર ભગવાન છે કે પછી તમારા જ એકલાના જ માનેલા ભગવાન છે ? અને ખરેખર સ્વામિનારાયણ ભગવાન સાચા અર્થમાં ઈશ્વરનો અવતાર હોય તો એમનો કોઈ પરચો બતાવો તો સાચું મનાય.

ઝવેરભાઈ ખુબ જ હિંમતથી અને ગર્વથી સ્વામિનારાયણ ભગવાન ખરેખર ભગવાન હોવાની ખાત્રી આપી અને જરૂર પડ્યે ચમત્કાર પણ કરે છે, એમ પણ બોલ્યા.

ચંડાળ ચોકડીએ કોટેશ્વર મહાદેવના મંદિરની આગળના ભાગમાં કાળા પથ્થર ગોઠવ્યા અને ઝવેરભાઈને કીધું કે તમારે મંદિરના શિખર પર ચડીને નીચે કૂદકો મારવાનો. અને જો એ પાણાના ઢગલા પર ઊપર ઠેકરો મારીને જરાપણ વાગ્યા વગર કે ઘવાયા વગર સહી સલામત રહે તો એના સ્વામિનારાયણ ભગવાન સાચા, ખરેખર એવું બને તો એ સૌ પોતાનો પંથ મૂકીને

સ્વામિનારાયણની કંઠી પહેરીને એની માફક 'સ્વામિનારાયણ' બોલતા થઈ જશે. અને એને જો જરાક વાગ્યું. છોલાયું કે લોહી નીકળ્યું તો એણે સ્વામિનારાયણ ભગવાનની કંઠી કાઢીને એમના પંથમાં જોડાવું પડશે.

પ્રભુમાં અટલા નિષ્ઠા ધરાવનાર અને નિર્દોષ ભાવ ધરાવતા ઝવેરભાઈએ દુષ્ટોની  શરતનો સહર્ષ સ્વીકાર કર્યો અને બીજા દિવસે આખા ગામની હાજરીમાં એ મંદિરના શિખર પર ચડ્યા અને સ્વામિનારાયણ ભગવાનને મનોમન પ્રાર્થના કરી.  દુષ્ટો રાજી થયા. એકબીજાને તાડી આપી. ઝવેર ઘવાઈ જશે, લંગડો થઈ જશે એવું નહિ આટલે ઊંચેથી નીચે ધારવાળા પથ્થરના ઢગલા પર પડીને એ ચોક્કસ પ્રભુને પ્યારો થઈ જશે. ગ્રામજનોને ઝવેરભાઈને ઘણા સમજાવ્યા પણ ભગત એકના બે ન થયા. એમને તો એમના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન પર પૂરો ભરોસો હતો.

ઝવેરભાઈએ ઊંચા સાદે સ્વામિનારાયણ ભગવાનની ધૂન ચાલુ કરી અને ૨૭૦ માઈલ દૂર ભુજ-કચ્છમાં સુંદરજીભાઈને ઘેર સભા કરીને બેઠેલા પ્રભુને કાને ભગતની ધ્વની સંભળાણી.

સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને ઝવેરભાઈએ ઠેકડો માર્યો અને સૌના આશ્ચર્ય અને અચંબા વચ્ચે ઝવેરભાઈના શરીર પર નાનો સરખો પણ ઊઝરડો ન પડ્યો. પથ્થરના ઢગલા પરથી ઊઠીને 'સ્વામિનારાયણ' બોલતાં બોલતાં એ શંકર ભગવાનનાં મંદિરમાં આવ્યા. જોવાવાળા જોતા રહી ગયા. ઝવેરભાઈના હિતેચ્છુઓ ઝવેરભાઈને શાબાશી અને અભિનંદન આપવા ઘેરી વળ્યા. ગામના દરબાર જે દુષ્ટ લોકોની આવી અનડાઈ માટે ઠપકો આપવા આવ્યા હતા. એમણે ઝવેરભાઈને બાથમાં ઘાલીને મળ્યા. આમેય દરબારને શ્રીજી મહારાજમાં પૂરી શ્રધ્ધા હતી. સમગ્ર વાતાવરણમાં સ્વામિનારાયણ ભગવાનની કીર્તિ સુવાસ પ્રસરી રહી. ઝવેરભાઈ સાથે શરત મુકનાર દુષ્ટો ક્યારનાયે ગામમાંથી પલાયન થઈ ગયા હતા. પણ પાછળથી સદ્‌બુધ્ધિ આવતા ગામમાં ઝવેર ભગત પાસે આવીને પગે પડીને માફી માગીને એમની સાથે અમદાવાદમાં જઈને સ્વામિનારાયણ ભગવાન પાસે કંઠી બંધાવીને સત્સંગમાં પ્રવેશ કર્યો હતો.

# ભગવાનના ભક્તનો મહિમા

-વંશી દેવજી જોધાણી,
માનકુવા ભક્તિનગર

ગામ ગોંડલમાં રવજીમિયા કરીને મુસલમાન હતા. સદ્. ગોપાળાનંદ સ્વામી આદિક સંતોના મુખ થકી મહારાજનો અપાર મહિમા સાંભળ્યો. તેથી પ્રત્યક્ષ પ્રભુના દર્શનની તાલાવેલી જાગી.

તેવામાં થોડા સમય પછી મહારાજ ગોંડલ પધાર્યા. રવજીમિયાં પ્રભુના દર્શને આવ્યાં. મનમોહક, ચિત્ત ચોર શ્રીહરિના દર્શન થતાં જ સમાધિ થઈ ગઈ. સમાધિમાં શું જોયું ખબર છે!

ખુદારૂપી શ્રીજીમહારાજના દર્શન થયા ને એક લાખ એંશી હજાર ઓલિયા સહિત ૨૪ પયંગબરો શ્રીહરિની સ્તુતિ કરતા દેખાયા. આ દર્શન થતાં જ તેના જીવનમાં સર્વાવતારી શ્રીહરિની લોખંડી નિષ્ઠા થઈ ગઈ. ત્યારથી તેનું હૈયું ભગવાનના રંગે રંગાયું. હાલતા-ચાલતા, ખાતા-પીતા સતત ઊંચા સ્વરે 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' રટયા કરે.

રવજીમિયા સત્સંગી થયા એટલે તેના સંબંધીઓએ કહ્યું, 'તું આ હિન્દુ ધર્મ છોડી દે, નહીં તો તને નાત બહાર મૂકીશું!'

તેમ છતાં રવજીભગત એક ના બે ન થયા. વળી તેમના સર્વે સંબંધીઓએ તેમને નાત બહાર કરી, ઘરેથી

કાઢી મૂક્યા. આપણા હરિભક્તોને આ વાતની જાણ મંદિરમાં થતાં તેઓએ તેમની તમામ જવાબદારી ઉપાડી લીધી. મંદિરમાં સેવક તરીકે રાખી લીધા. પછી તો તે ભગત ભજન કરતા કરતા વર્ષો વીતી ગયા.

એકવાર તેમને સખત તાવ આવ્યો. થોડી બિમારી બાદ અનંત મુક્તો સહિત મહારાજ તેમના પોતાના ધામમાં તેડી ગયા.

હરિભક્તોએ તેમના સંબંધીઓને અંતિમ વિધી કરવા કહ્યું. ત્યારે તેઓએ ચોખ્ખી ના પાડી દીધી કે, 'તમારે જે કરવું હોય તે કરો.' પછી સત્સંગીઓ તેમનો અગ્નિ સંસ્કાર માટે લઈ ગયા. અગ્નિ સંસ્કાર શરૂ કર્યો.

ત્યાં બાજુમાં એક મોટું પીપળાનું વૃક્ષ હતું તેમાં હજારો ભૂત, પ્રેતાદિક રહેતા હતા. રવજી ભગતના શરીરને સ્પર્શેલો ધુમાડો પવનની સાથે તે પીપળા સોસરો પસાર થયો. ત્યાં તો મહાઆશ્ચર્યદાયક ઘટના ઘટી. તે બધા ભૂત-પ્રેતો તે ધુમાડાના સ્પર્શથી દિવ્ય દેહ ધારી દેવલોક ગયાં.

આ ઘટના જોઈ સર્વે આશ્ચર્યચકિત થઈ ગયાં ત્યાં તો થોડીવારમાં બે ભૂત આવ્યા, ને હરિભક્તોને આજીજી કરવા લાગ્યા કે, 'અમે બે રહી ગયા છીએ, અમારો મોક્ષ કરો!'

ત્યારે હરિભક્તોએ પૂછ્યું, 'તમો બે કેમ રહી ગયા?'

ભૂતો કહે, 'અમે કોઈકને વળગવા ગયા હતા. હવે કૃપા કરીને અમને ઉગારો!' પછી હરિભક્તોએ 'સ્વામિનારાયણ નામ લઈને તેઓને પાણી છાંટ્યું, એટલે તરત જ તેઓ બંને પણ દિવ્ય શરીર ધારણ કરી દેવલોક ગયા.

વ્હાલા મિત્રો! જોયું! ભગવાનના ભક્તનો પ્રતાપ! કેવો અદ્‌ભુત છે! કે જેના દેહને સ્પર્શેલા ધુમાડાથી ભૂત-પ્રેત પણ મોક્ષને પામે છે. એ ભગવાનના ભક્તો આવા મહાન, આવા દિવ્ય કલ્યાણકારી, તો એ સર્વોપરિ ભગવાન સ્વામિનારાયણ કેવા હશે! તો એવા મોટા ભગવાન આપણને મળ્યા છે. આપણે તેમના થયાં છીએ માટે જેમ રવજીમિયાંને ભગવાનની નિષ્ઠા, કેફ ને પાવર રહ્યો એવો આપણે પણ રાખવો.

# ભારતીય સંસ્કૃતિના સ્તંભો

- રાધાબેન રસિકભાઈ ગોળવિયા,
વેળાવદરવાળા

જેના જન્મોના ભાગ્ય ઉદય થાય તેને સંત મળે - સંતનો યોગ થાય. જેની ભગવાનને ખોળવા - પામવાની અવિરત સાધના ચાલુ જ હોય છે. ભગવાનના અર્થે જ સર્વે કર્યું રાખ્યું હોય કે કરતા હોય તેને ખોળતા ભગવાન સ્વયં અવે છે. સદાય તેવા સંતોના હૃદયમાં ભગવાન વસતા હોય છે તેને જ ખરા સંત કહ્યા છે. ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે કે જેને પૂર્વના સુકૃત ઉદય થયા હોય તેને જ નાની ઉંમરમાં સંતમાં રુચિ થાય. આ દુનિયામાં સંત સમાન કોઈ નથી. જે આઠેપોર આનંદમાં પ્રભુ પરાપણ જ હોય છે. આવા સંતને કલ્યાણના દાતા કહ્યા છે. કલ્યાણના દાતા એક ભગવાન અને બીજા સંતને કહ્યા છે. કહેતા કે મોક્ષનું દ્વાર સંત છે. મોક્ષના દ્વાર સુધી પહોંચાડે છે અને તેથી જ સંતોને ભારતીય સંસ્કૃતિના આધારસ્તંભ કહ્યા છે. સંતનું મહાત્મ્ય અઘોરું છે. માટે તો કૃષ્ણ પરમાત્મા હોવા છતાં જ્યારે નારદજી જેવા સંતની સેવા બહુ જ મોટી ગણી છે જેની પાંડવોના યજ્ઞમાં સાધુ-સંતો-ઋષિમુનિઓના એંઠા પતરાળા ઉપાડવાની સેવા શ્રીકૃષ્ણ પરમાત્માએ સામેથી સ્વીકારી હતી.

આ જગતમાં સંતપુરુષ-સાધુપુરુષનું અસ્તિત્વ એ જ માનવ સમાજની મોટામાં મોટી સેવા છે. આવા સંતોને

સંસારના સુખો પોતાની મેળે ગળામાં આવીને પડે તો પણ એમાંથી છૂટીને સંસાર વચ્ચે મુમુક્ષુઓના કલ્યાણ માટે તેઓ પોતાના સત્-ચરિત્ર, સદાચરણ, વર્તન, અન્યના જીવનમાં પરિવર્તન લાવે છે. આવા સાધુ-સંતો પોતાની મરજી ભગવાનની મરજીમાં ભેળવી દે છે. તેવા સંતો ભારતીય સંસ્કૃતિના ખરા આધાર સ્તંભો છે.

માટે તો સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે કે

'જક્ત દોષ જેના જીવમાં, વળી અડ્યો નહીં અણુભાર એવા સંત શિરોમણી છે, ત્રિલોકીના તારનાર'

જેના દ્વારા સતત પરમાર્થ થયા કરતો હોય જેનામાં કરૂણા, ક્ષમા, દયા ઉદારતા ભર્યું જીવન હાય - સહજ રીતે તે જીવતા હોય તેનું કોઈ અહિત કે તાંડન કરે, અપમાન કરે તો પણ તેની સામુ ન બોલે. તેના તરફ બદલાની ભાવના ન રાખે. ઉપરાંત જેમ બને તેમ તેનું હિત ઇચ્છે તે ખરા સંત છે. તે ખરા ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભ છે. પોતાનો સ્વભાવ પ્રકાશ કરે અને પોતાનો પ્રભાવ સિધ્ધિ ઢાંકી રાખે છૂપાવે તેવા સંત હમેશા ક્ષમાની પીઠ સમા છે. આવા સંતો જ્યાં વિચરતા હોય ત્યાં તીર્થસ્થાન પેદા થઈ શકે છે. હજારો તીર્થ કદાચ સંતો પેદા ન કરી શકે પણ વિરલ સંત જ્યાં રહે ત્યાં જ્યાં વિચરે ત્યાં અવશ્ય તીર્થસ્થાન પેદા થાય છે. તુલસીદાસ મહાત્માએ રામચરિત માનસમાં સંતને વંદના કરતા કહ્યું છે કે સંતોનું ચિત હમેશા સભાન હોય છે. હાલક ડોલક નથી હોતું. મનમાં બીજાનો અહિતનો વિચાર સુધા નથી કરતા. તેમજ અહિત કરનારનું પણ મંગળ ઇચ્છે છે તેવા સંતને હું વારંવાર વંદન કરું છું.

હંમેશાં આવા સંસ્કૃતિના આધાર સ્તંભ એવા સંતની પાસે ચાર વાતનું કાયમ ખંડન થતું હોય છે. દેહનું, જાતિનું, સ્વભાવનું અને દોષોનું અને સાથે સાથે બ્રહ્મનિરૂપણનું મંડન થતું હોય છે. આવા સંત ક્યારેય પોતાની સિધ્ધિના જોરે પરચા કે ઐશ્વર્ય દેખાડતા નથી. તેને તે સામર્થી માનતા જ નથી. ક્યારેક જરૂર પડે અને બતાવે તો પણ તે પ્રભુકૃપાનું ફળ માને છે. પ્રભુ કૃપાથી થયું છે. હું તો નિમિત્ત માત્ર છું તેમ માને છે. તેઓ સિધ્ધિ કરતાં સાધુતાને મોટી માને છે. આથી તો કહેવાયું છે કે કામદૂધા કલ્પતરૂ અને પારસમણી એમાં પણ સંત સમાન કોઈ નહીં.

આવા સંસ્કૃતિના આધાર સ્તંભ એવા સંતો સદ્‌ગુણના સિંધુ, સદાસ્થિરમતિ, શુભમતિ, અતિશયધીર, માન અભિમાને રહિત, જેનામાં ક્યારેય અનર્થ કે ઇર્ષા હોતી નથી. તેમજ હંમેશાં નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિર્સ્વાદી, નિઃસ્પૃહી, નિષ્પાપી, નિર્દોષ હોય છે. એવા સંતને નમન કરવાથી પાપનો ક્ષય થાય છે. પવિત્ર ગંગા આદીક નદીઓમાં સ્મરણ પ્રભુ સ્મરણ પવિત્ર નદી સ્મરણ સાથે, સહિત સ્નાન કરતો પાપી જીવાત્માના પાપ નદીમાં ધોવાય છે. પણ આવી નદીમાં ઠાલવેલા પાપીના પાપની કાળાશ કોનાથી ધોવાય છે ? તો કહેવાયું છે કે આવી નદીમાં સંતો સ્નાન કરે તો નદી નિર્મળ થાય છે. આવા ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો સમાન સંતોને કરોડો વંદન હોજો.

**શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં કરેલ આજ્ઞા પ્રમાણે પોતાની કમાણીમાંથી દશમો કે વિશમો ભાગ ધર્માદો શ્રી કૃષ્ણ ભગવાનને અર્પણ કરવો જોઈએ. આપણને શ્રીજી મહારાજ તે તે પ્રદેશને દેવ પધરાવી આપ્યા છે, એટલા માટે તે તે દેશના ભક્તોએ તે તે દેશના દેવને ધર્માદો અર્પણ કરવો જોઈએ. આપણે કચ્છના ભક્તો દેશમાં કે પરદેશમાં રહેતા હોઈએ તો પણ આપણો ધર્માદો ભુજ શ્રી નરનારાયણદેવના કોઠારમાં અર્પણ કરવો. ભુજ મંદિરમાં દાન ધર્માદો અર્પણ કરવા માંટે નિચે પ્રમાણેના બેંક ખાતામાં જમા કરાવી શકો છો.**

**શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ - ભુજ**
**A/C : 380010100039589 - IFSC CODE : BKID0003800**

**શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મેડીકલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ - ભુજ**
**A/C : 380010110004425**
**IFSC CODE : BKID0003800**

# લાલવડની લીલા

- શિલાબેન ગોપાલભાઈ શિયાણી, મિરજાપર

સંવત ૧૮૬૩માં પ્રભુ ગઢપુરથી નીકળી ફરતા ફરતા સરધાર થઈ બંધિયે આવે છે. બંધિયેથી ગોંડલ થઈ મેવાસ પધારે છે. સ્થાનિક હરિભક્તો શ્રીહરિને મળવા આવે છે અને ગામમાં પધારી ગામ પાવન કરવા વિનંતી કરે છે. અમારે ધોરાજી જલ્દીથી પહોંચવું છે પણ ગામમાં વીસેક ભક્તને ત્યાં લગ્ન પ્રસંગ હોઈ મીઠાઈ તૈયાર હતી તેથી સંતોને અને શ્રીહરિને ભાવથી જમાડે છે.

ત્યાંથી ધોરાજી પધારે છે. એક વડના વૃક્ષ નીચે સભા ભરાઈ છે. ધોરાજીમાં સમૈયો થવાનો છે તેવી વાત સાંભળી બ્રહ્માનંદ સ્વામી પોતાના મંડળને સહિત પધારે છે. શ્રીહરિ બ્રહ્માનંદને બેસાડીને સત્સંગના પ્રચારની વાત પૂછે છે. સ્વામી અહેવાલ આપતા કહે છે સત્સંગ પ્રચાર સુંદર ચાલે છે. છતાં શ્રીહરિ સ્વામીને કહે છે તમે ક્યાં ક્યાં ફર્યા અને કેવી રીતે સત્સંગની વાતો કરી તે વિગતવાર સમજાવો. તો તમે કેવો સત્સંગ કર્યો તેનો ખ્યાલ આવે.

અમારા સત્સંગી પર્વતભાઈ, ઝીણાભાઈ, જીવુબા, લાડુબા, માયારામ ભટ્ટ અને શેઠ ગોવરધનભાઈ છે. આ બધા સત્સંગી જેવા સત્સંગી તમે જોયા છે ? આ બધા સત્સંગી અમને ત્રણે અવસ્થામાં સાક્ષાત્ દેખે છે. ત્યારે મુક્તાનંદ સ્વામી પૂછે છે હે મહારાજ એવા સત્સંગી કેમ થવાય?

શ્રીહરિ કહે છે પોતાના આ ભવને બ્રહ્મરૂપની ભાવના કરીને અમને અક્ષરાધિપતિ જાણે અને અંતરમાં અમારા સ્વરૂપનું ધ્યાન ધરે તો એવા શ્રેષ્ઠ ભક્ત થવાય. બ્રહ્માનંદ સ્વામી મસ્તક નમાવી કહે છે કે હે પ્રભુ! એવું તમારી કૃપા હોય તો જ થાય.

'સૂણી બોલ્યા શ્રીહરિ કહું સુણો કવિ શિરતાજ
ચૌદ લોકનું બ્રહ્માંડ એક, એવા મોટા બ્રહ્માંડ અનેક
એક અક્ષરના રોમરૂપે, રહ્યાં છે થઈને અણુરૂપે
એવા અક્ષરનો મહિમાય, જેનું વર્ણન શેષથી ન થાય.
એવા અક્ષરધામના ધામી હું છું. પુરુષોત્તમ નામી.
કોટી મુક્ત તણા, પતિ જેહ, તમ અર્થે થયો નર તનુ ધારી તેહ.'

આ પ્રમાણે કહીને શ્રીહરિએ ઓઢેલું પોતાનું ઉપવસ્ત્ર દૂર ફેંકી દીધું અને કહે છે જુઓ હવે કોઈ આવરણ છે. બ્રહ્માનંદ સ્વામી ઊંડા મર્મને સમજી જાય છે. હે સુખકારી તમે જે અક્ષરધામના ધામી, સર્વોપરી, સર્વના સ્વામી સર્વ અવતારના અવતારી છો.

ધોરાજીના સત્સંગી હઠીભાઈ, રવજીભાઈ, ભોજાજી, બકાભાઈ, ખીમાણી, વાલજી અને કેશવજી વગેરે વાજિંત્રો લઈને અને વડ નીચે મોટા ચોગાનમાં ઉતારો આપે છે.

શ્રીહરિએ અહીં ફૂલડોલનો મોટો સમૈયો કર્યો. કિંમતી ભેટો લઈને ભક્તોનો સંઘ આવ્યો છે. શ્રીહરિ આ દિવસે ખૂબ રંગે રમ્યા. આખુ ચોગાન લાલ રંગથી રંગાઈ ગયું. વડનું વૃક્ષપણ લાલરંગની પિચકારીઓથી લાલ થઈ ગયું. તેથી આ લીલાને આપણાં શાસ્ત્રમાં લાલવડની લીલા તેવા નામથી ગાવામાં આવે છે. લાલ વડ નીચે મોટી સભા થઈ. સુરતના હરિભક્તો પ્રભુ માટે જરીયાની વસ્ત્રો લાવ્યા હતા. પૂજા કરી શ્રીહરિએ તે દિવસે જરીયાની પોષાક ધારણ કર્યો છે. સૌ હરિભક્તોના મન બ્રહ્મભાવથી ભીંજાય જાય છે. સૌપ્રથમ વખત શ્રીહરિએ જરીયાની પોશાક અને મુગટ ધારણ કર્યો છે. શ્યામસુંદર આ જરીયાની વસ્ત્રોમાં અદ્‌ભુત શોભે છે. અને ભક્તોની ભીડ જામી છે. આ લીલાનું ચિંત્વન કરનારને શ્રીહરિની મનોહર મૂર્તિના હૃદયમાં દર્શન થાય છે.

બીજાને દુઃખ દેવા જેવું કોઈ પાપ નથી. રોજ સવારે ઉઠતી વખતે સૌથી પહેલાં સંકલ્પ કરો કે હું આજે કોઈનું અહિત ઇચ્છીશ નહી કે કોઈના હિતને દુભાવીશ નહીં.

# નવરાત્રી

- રસીલાબેન ડી સુથાર - બળદિયા

શક્તિની ઉપાસના એટલે નવરાત્રીનું પર્વ મહિષાસુર નામના અસુરનો વધ મહા જગદંબાએ કર્યો અને અખિલ બ્રહ્માંડમાં રાક્ષસોના ત્રાસથી મુક્ત કરાવ્યો ત્યારથી નવરાત્રિના નવ દિવસ સુધી શક્તિની ઉપાસના કરવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ આસો મહિનામાં આ આવતા નોરતાંના દિવસે શક્તિના દરેક રૂપને નવ દિવસ સુધી અલગ અલગ રીતે પૂજન કરવામાં આવે છે. જેમાં મા જગદંબા, કાલિકા, કાત્યાની, વિંધ્યાવાસીની જેવા રૂપનો સમાવેશ થાય છે. આ પર્વ દરમ્યાન જગતજનનીને પૂજન અર્ચન અને રાસ ગરબા રમીને રીઝવવાનો ભક્તો દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. સમગ્ર ભારતમાં નવલા નોરતાં દરમ્યાન ગામડે ગામડે ગરબી મંડળો દ્વારા આ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. નોરતા દરમ્યાન સંસ્કૃતિને છાજે તેવા મર્યાદામાં રહીને લોકગીતો, ગરબા, છંદો ગાઈને દાંડીયારસ રમવામાં આવે છે. તો અમુક ગરબી મંડળો દ્વારા સામાજિક અને ધાર્મિક સમસ્યાઓ પર ઉપદેશ આપતા નાટકોનું આયોજન પણ કરવામાં આવે છે.

પણ છેલ્લા ઘણા સમયથી ભારતીય સંસ્કૃતિની મર્યાદાઓને ભૂલી જઇને આ નવરાત્રિનું વ્યાપારી કરણ થઇ ગયું છે. ગામડાઓ જ્યારે હજુ સંસ્કૃતિ જાળવી રાખી છે, ત્યારે શહેરોમાં નવરાત્રિનું પર્વ કમાણી કરવાનું સાધન બન્યું છે. મોટા શહેરોમાં આંખ આંજી નાખે તેવા ડેકોરેશન અધ્યતન સાઉન્ડ સિસ્ટમ, વિશાળ મેદાનો, મોંઘાદાટ સ્ટેજો, ફાંફડા અને અશ્લીલ ચેનચાળા કરતાં ગાયકો અને વાજિંત્ર વાદકો એ ત્રણ આંકડાઓની રકમ ભરીને એન્ટ્રી પાસ લઈને નવરાત્રિ રમવા માટે મજબૂર કર્યા છે. ત્યારે સવાલ એ થાય છે કે આપણે શું ખરેખર સ્વતંત્રતાના નામે સ્વછંદતા આદરીને શક્તિની ઉપાસના કરીએ છીએ ? આપણી સંસ્કૃતિમાં નારીને અદકેરું સ્થાન આપવામાં આવ્યું છે ત્યારે શક્તિની ભક્તિના નામે આવા છીછરા આયોજનો આપણે કઇ દિશામાં લઇ જઇ રહ્યા છે. તે વિચારવાનો સમય પાકી ગયો છે.

મનુષ્યનો સ્વભાવ ઉત્સવપ્રિય છે. તેથી હજારો વર્ષોથી આવા ઉત્સવો ઉજવાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ મહારાજે ઘણા ઉત્સવો ઉજવ્યા છે. જેમા રાસલીલાઓનો પણ સમાવેશ થાય છે. પણ સંપ્રદાય દ્વારા જે મર્યાદાઓ જળવાઇ રહે તે મહત્વનું છે. સ્ત્રી પુરુષોના અલગ-અલગ રાસ, ધાર્મિક સ્થળો ઉપર અંગ પ્રદર્શન ન થાય તેવા વસ્ત્રો પહેરવાં, ખોટા નખરાળાં વિગેરે પરિબળોને ધ્યાનમાં રાખીને આવા ઉત્સવોનું આયોજન કરવામાં આવે તો સંસ્કારોનું અને સંસ્કૃતિનું જતન થઇ શકે છે. **નવરાત્ર દરમ્યાન દેવીને ધરવામાં આવતા તમામ ભોજનો ભક્તિને તમોગુણી બનાવે છે માટે સાત્ત્વિક દેવી છે તો સાત્ત્વિક નેવેદ્ય દ્વારા તેની ઉપાસના થવી જોઇએ.**

આજના આધુનિક યુગની નવરાત્રિ દરમ્યાન વિધર્મીઓ દ્વારા હિન્દુ મા-દીકરીઓને ફસાવા માટે રીતસર કાવત્રા ઘડવામાં આવે છે. અને આપણે બહેન-દીકરીઓને સ્વતંત્રતા આપીને આવી ધંધાદારી ગરબીઓમાં જવા દઇને આધુનિકતાના નામે દંભ રાખીને ગર્વ અનુભવીએ છીએ. શું ખરેખર આવી નવરાત્રિઓ શક્તિની ઉપાસના કરે છે કે લોકોને મનોરંજન પીરસીને નાણાં ભેગા કરવાનો કારસો રચે છે. તે વિચારનો સમય છે.

યુગપરિવર્તન થાય છે તેમ પેઢીઓમાં પરિવર્તન આવે છે. નવી પેઢીને ધ્યાનમાં રાખીને આપણે જે ધર્મ અને સંપ્રદાયમાં ફેરફાર કરીએ તો આપણું યુવાધન કદાચ અવળે રસ્તે ચડવામાંથી આપણે રોકી શકીએ. નવરાત્રિના નવ દિવસ દરમ્યાન સ્વામિનારાયણ મંદિરોમાં જો આપણે નવે નવ દિવસ ઠાકરથાળીનું આયોજન કરીએ જેમાં અદ્યતન વાજિંત્રો અને ગાયકો દ્વારા રાસ રમાડવામાં આવે તો જે યુવાનોને જોઇએ છે તે આપણા સંપ્રદાયમાં મળી રહે અને ઘણા કુટુંબો બરબાદ થતાં રોકાઇ શકે.

# વન વિચરણ

-હેમલ અરવિંદકુમાર પોકાર,
કામરેજ, સુરત

બાળપ્રભુ ઘનશ્યામ મહારાજે માતા-પિતાને દિવ્યગતિ આપી પોતાની પૃથ્વી પરના પ્રાગટ્યનો હેતુ સિદ્ધ કરવા પૃથ્વી પર ભાગવત ધર્મનું સ્થાપન અને અધર્મનો ઉચ્છેદ કરવાનો આશય છે.

બાળપ્રભુ સવારમાં બ્રાહ્મમુર્હૂતમાં જાગ્યા છે. સરયુમાં સ્નાન કરીને વિચરણ માટે પ્રભુએ કોપીન, જળગરણું, તુંબીપાત્ર, કંઠમાં તુલસીને બેવડી કંઠી, શાલીગ્રામ, પલાસનો દંડ અને સત્શાસ્ત્રનોા ગુટકો સાથે લીધો છે. વિચરણમાં મુમુક્ષુઓને મળવાની અધિરા સાથે અગિયાર વરસની કોમળ વયે પ્રભુએ સગા-સંબંધી અને અયોધ્યાનો સદા માટે ત્યાગ કર્યો છે. સરયુ પાર કરીને ઉત્તર દિશા તરફ ઉઘાડા પગે હિમાલય તરફ પ્રયાણ કર્યું છે.

તીર્થાટનમાં મળતાં મુમુક્ષુજનોએ ઘશ્યામનો વેશ જોઈ 'નીલકંઠ' એવું નામ આપ્યું છે. તીર્થોધામોને પાવન કરતાં કરતાં લીઘેપુર, પથેપુર, સેહજાપુર, થઈને બરેલીથી બહાદુરપુર ત્યાંથી હરિદ્વાર પધાર્યા છે. ત્યાંથી વર્ણી ઋષિકેશ, લક્ષ્મણઝુલા, શ્રીપુર, ધનુષ્યતીર્થ, ગુપ્તકાશી, ગુપ્તપ્રયાગ, ગૌરીકુંડ, કેદારનાથ થી બદ્રિકાશ્રમમાં નરનારાયણ ઋષિ પ્રગટ થઈને ભેટી પડ્યા. ત્યાંથી માન સરોવર, ગંગોત્રી, જમનોત્રી, પ્રભુ પાછા હરિદ્વારના 'હર કી પેડી' પધાર્યા ત્યાંથી પ્રુભ હરૈયા ગામમાં હલવાઈની હાટમાં રાત્રી રોકાયા છે.

હવે નીલકંઠવર્ણિએ પૂર્ણ દિશાની વાટ પકડી સવારમાં વંશીપુર પહોંચ્યા છે. ત્યાંગથી કાળા પર્વતની વાટ પકડીને પુલહાશ્રમ પધાર્યા છે. ત્યાં મુકિતનાથનાં દર્શન કરી ભરતકુંડમાં પ્રભુએ સ્નાન કર્યું છે. ત્યાંથી બુટોલનગર પોખરા શહેરના રસ્તા ઘેઘુરના વડ નીચે એક તપસ્વી યોગી બેઠેલા જોયા. આ યોગીનું નામ હતું. 'ગોપાળયોગી' વર્ણી ત્યાં એક વરસ રોકાઈ અષ્ટાંગયોગ વિદ્યા શીખી છે. પોખરાં થી વર્ણી હવે ઉત્તરકાશી, ત્યાંથી નેપાળની રાજધાની કાઠમંડું પહોંચ્યા છે. ત્યાંથી ઉત્તર તિબેટમાં બૌદ્ધ લામાઓના વિહારોમાં પધારી નેપાળમાંથી વર્ણી વિદાય થયા છે.

હવે વર્ણી બંગાળના શિરપુર થી પૂર્વે દિશે કામાક્ષીદેવીના સ્થાનમાં આવ્યા છે. અહીં પ્રભુએ 'પિબૈક'નો ઉદ્ધાર કર્યો છે. કામાક્ષીથી નવલખા પર્વતે પહોંચ્યા છે. નવલખ યોગીનો ઉદ્ધાર કરી વર્ણી ગૌડ દેશમાં આવ્યા છે. નદીયાં, શાંતિપુર થઈ ગંગા અને સાગરનાં મિલન સ્થળ ગંગા સાગરને પાવન કર્યું છે. ત્યાંથી હોડી દ્વારા કપિલમુનિનાં આશ્રમ પધાર્યા ત્યાંથી પુરુષોત્તમપુરી ભુવનેશ્વરથી જગન્નાથ પુરી પહોંચ્યા છે. ત્યાંથી આદિકુર્મ, માનસપુર થી વૈકટાંદ્રિની વાટ પકડી છે. વૈકટાંદ્રિ પર્વત વેકેટેશ્વરના દર્શન કરી કાંચીપુરમ પધારે છે. ત્યાંથી શ્રીરંગક્ષેત્ર થી સેતુ બંધ રામેશ્વર અહીં વર્ણીને વનવિચરણનાં પાંચ વર્ષ પુરાં થાય છે.

રામેશ્વરથી ભૂતપુરી તોતાદ્રિ ત્યાંથી વર્ણી દક્ષિણ કુમારિકા ક્ષેત્રે આવ્યા છે. પદ્મનાભથી કેશવતીર્થ મેલુકોટે થી મલયાચલ પર્વત પધાર્યા છે અહીં ચંદનનું વિશાળ વૃક્ષોનું વન પસાર કરી પ્રભુ સાક્ષી ગોપાળ પધાર્યા. ત્યાંથી વર્ણી પુના શહેરમાં આવે છે. પુનાથી જનાબાદ થઈ તાપી નદીમાં સ્નાન કર્યું. ત્યાંથી મધ્યપ્રદેશના બુરાન પુરમાં વર્ણી પધાર્યા. આમ સમગ્ર ભારતને પાવન કરતાં કરતાં મધ્યપ્રદેશના બુરાન પુરમાં વર્ણી પધાર્યા. આમ સમગ્ર ભારતને પાવન કરતાં કરતાં નીલકંઠે પશ્ચિમે પ્રયાણ કર્યું. કારણ કે અહીંયાના મુમુક્ષુઓને મળવાની ઈચ્છા ઘણા સમયથી હતી.

બુરાનપુરથી નીકળી મહારાષ્ટ્ર તરફ આગળ વધ્યા. તાપી અને મૌના નદીનાં સંગમ સ્થળે સ્નાન કરી દંકારણ્ય

આવ્યાં છે. ત્યાંથી નાસિકપુરના ગોદાવરીમાં સ્નાન કરી ત્રંબકેશ્વર મહાદેના દર્શન કરી પછી સીધા દક્ષિણ ગુજરાત તરફ દૃષ્ટિ કરી છે. ત્રંબકેશ્વરથી સુરત શહેરમાં પધાર્યા. તાપી નદીના કિનારે આશ્વિની કુમાર ના આરે આવ્યા છે. સુરતથી ભરૂચ ચાણોદ, ડાકોરમાં રણછોડજીના દર્શન કરી વર્ણી ઉમરેઠ, ભાલેજ, વડતાલ, બોચાસણ દેવાણ ખંભાત, બુધેજ ગૌરાડ રુણી, વડગામ થઈને ખરડ, જીંજર જઈને લીમકા નદીમાં સ્નાન કર્યું ત્યાંથી વર્ણી વલ્લભપુર, બરવાળા, શિહરો, ભાવનગર, કુકડ, દિહોર, લાકડીયા, પીપરલા થઈ તળાજા પધાર્યા છે.

ત્યાંથી વર્ણી મહુવા, માલવા, ડોળિયા, પીપાવા, રાજુલા, વડગામ, કોવાયા, સીમર, ગાંગડાથી સામેતર ગયા છે. આગવ જતાં ગુપ્તપ્રયાગ,થી દેલવાડા, ઉના, ડોસાળા પધાર્યા, આગળ જતા જુનાગઢમાં દત્તાત્રેયના પગલાને પાવન કર્યા. ગિરનાર પર્વતથી નીચે ઉતરીને તળેટીની વાવમાં સ્નાન કર્યું. ત્યાંથી વર્ણી, વંથલી, પીપલાણાથી આખા તરફ જવા નીકળ્યા છે. આખાથી મઢડીથી માંગરોલમાં ગોવરધનભાઈનાં સુખડી અને ગાંઠીયા જમી જમપુરીમાં ગયેલ એની ફઈના ઉદ્ધાર કર્યો છે.

'લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી'

માંગરોળથી વર્ણી લોજધામ તરફ પ્રસ્થાન કરે છે. લોજ પહોંચી પાદરમાં શોભતી વાવ પાસે આવ્યા છે. વાવની શ્યામલીલા પર બેસીને નાસિકાગ્ર દૃષ્ટિ કરી ધ્યાનસ્થ બન્યા. આજ ગામાં રામાનંદ સ્વામીનો આશ્રમ હતો. આ આશ્રમમાં મુકતાનંદસ્વામી સહિત પચાસેક સંતો રહેતા. યોગાનુયોગ આ વાવ ઉપર સુખાનંદ સ્વામી નો સંત પાણી ભરવા આવે છે. આ સંપ્રદાયમાં સૌ પ્રથમ વર્ણીને સુખાનંદ સ્વામીને મળ્યા છે. સ્વામીએ પૂછ્યું હે વર્ણી તમે ક્યાંથી આવો છો અને ક્યાં જવાના વર્ણી જવાબ આપ્યો કે ઉત્તર કૌશલ દેશથી આવું છું અને ક્યાં જવાનો છું એનો કોઈ નિરધાર નથી. પછી સુખાનંદ સ્વામી આશ્રમમાં વર્ણીને લાવે છે.આવી રીતે સર્વજીવ હિતાવહ વનવિચરણ કરીને હવે વર્ણીનું વિચરણ લોજધામે પૂર્ણ થાય છે વર્ણીએ ૭ વર્ષ ૧ માસ અને ૧૧ દિવસ સુધી વિચરણ કરી અનેક યોગભ્રષ્ટ જીવાત્માનો ઉદ્ધાર કર્યો છે.




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર એવં વિદ્યાર્થી નિવાસનો

# રજતજયંતી મહોત્સવ

## તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૭

**શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર એવં વિદ્યાર્થી નિવાસને આવતા ડિસેમ્બરમાં ૨૫ વર્ષ પૂર્ણ થાય છે તે નિમિત્તે 'રજત જયંતી મહોત્સવ'માં જોડાવા દેશ-વિદેશમાં વસતા તમામ સત્સંગી ભાઈ-બહેનોને તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન વિદ્યાર્થીઓને સહપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.**

**સંસ્થાના સંપર્ક નંબર અને વેબસાઈટ તથા ફેસબૂક પેજ સાથે જોડાયેલા રહો જેથી ઉત્સવ વિશેની સમગ્ર માહિતી મળતી રહે અને સહઅભ્યાસી મિત્રોને પણ અવગત કરો જેથી બધાયને લાભ મળે તો સહકાર આપવા વિનંતી.**

**અધ્યક્ષ : પ.પૂ.સ.ગુ. પુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી** **સંચાલક : પુ. સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી**

**સ્થળ :- સ્મૃતિ મંદિર, સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસ, ખેંગારજી પાર્ક, ભુજ -કચ્છ**

# સત્સંગ સમાચાર દેશ

## જનરલ હોસ્પિટલ ભુજમાં દર્દીઓની સંભાળ

શ્રી સ્વામિનારાયણ મંદિરના પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના આશીષ અને આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ સંચાલિત સર્વજીવ હિતાવહની ઉદાત ભાવનાથી તથા સર્વધર્મ સમભાવથી જનરલ હોસ્પિટલ ભુજમાં દરેક વિભાગમાં દર્દીઓને ફળો અને બિસ્કીટનું વિતરણ કરાયું હતું. અને તેમની ક્ષેમકુશળતાની પૃચ્છા કરી હતી. શ્રી સ્વામિનારાયણ મંદિરની અવિરત સેવા ઉમદાભાવથી વિવિધ ક્ષેત્રે થતી જ રહે છે. દુષ્કાળ હોય કે અતિવૃષ્ટિ, દરેક કુદરતી આપત્તિઓમાં ભુજ મંદિરના સંતો ભગવત્ સાધનાની સાથે સાથે માનવસેવાની પ્રવૃત્તિઓમાં ખડેપગે રહે છે અને અનુયાયી હરિભક્તોને પ્રેરણા પૂરી પાડે છે. જનરલ હોસ્પિટલમાં પરિવર્તિની એકાદશી તા. ૨-૯-૧૭ના દિને ભુજ મંદિરના સંતો શા. સ્વામી ભક્તિચરણ દાસજી અને પુરાણી સ્વામી શ્રીજીપ્રકાશ દાસજી તથા સ્થાનીય હરિભક્તોના સહકારથી પ્રત્યેક વિભાગમાં ફરીને નાતજાતના ભેદભાવ વિના દરેક દર્દીઓને ફળો અને બિસ્કીટનું વિતરણ શુભાશિષ અને તંદુરસ્તીની કામના સાથે કર્યું હતું. દર્દીઓના ચહેરા પર અનેરો આનંદ છવાયેલો જોવો મળ્યો હતો.

- શા. સ્વામી ભક્તિચરણદાસજી

---

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કોલકત્તામાં સત્સંગ સભા

ભુજ મંદિરની દિવ્ય પરંપરાને અખંડ જાગતી રાખવા ભુજથી સંતો ભારતદેશમાં વસતા કચ્છી ભકતોને સત્સંગ કરાવવા માટે દર વર્ષે યાત્રામાં જાય છે. તે પ્રમાણે આ વર્ષે સ.ગુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજીના મંડળના સંતો પુ. સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપ દાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી દેવનંદન દાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી તથા સ્વામી મુક્તમુનિદાસજી આદિ ૬ સંતો ભક્તોની સાથે સત્સંગ યાત્રા કરતા તા. ૧૫-૯-૨૦૧૭ના સવારે કોલકત્તામાં પધાર્યા હતા. ત્યાં સન્નિષ્ઠ સત્સંગી મનિષભાઈ ઓઝાના

## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવો ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

**મુન્દ્રા મધ્યે નવનિર્મિત શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પંચાહ્ન પારાયણ**

તા. ૬-૧૨-૨૦૧૭ થી તા. ૧૦-૧૨-૨૦૧૭ સુધી રહેશે.
આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.
તા. ૮-૧૨-૨૦૧૭ આચાર્ય મહારાજનું આગમન
તા. ૯-૧૨-૨૦૧૭ મૂર્તિપ્રતિષ્ઠા - તા. ૧૦-૧૨-૨૦૧૭ શોભાયાત્રા

**ઉપર મુજબના પ્રસંગોએ સત્સંગી હરિભકતોએ સપરિવાર પધારી ઉત્સવોનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

ઘરે સંતો રોકાઈને સત્સંગનો ભક્તોને લાભ આપ્યો હતો. અહીંના ભક્તોને સત્સંગનો વિશેષ લાભ મળે તે નિમિત્તે તા. ૧૭-૯-૨૦૧૭ રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, કોલકત્તામાં સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં ઘણા હરિભક્તોએ સભામાં પધારી સત્સંગનો અનેરો લાભ લીધો હતો. અતિ રાજી થયા અને દરેક ભક્તોની અંતરની એક જ અભિલાષા છે કે દર વર્ષે ભુજનાં સંતો અહીં પધારી સત્સંગનો લાભ આપે.

- શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

---

## પ્રસાદી મંદિરે એક અનોખા પ્રસંગે પંચાહ્ન પારાયણનું ભવ્ય આયોજન પૂર્ણ થયુ

શ્રીહરિના પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિરે પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સમસ્ત વડીલ સંતોના આશીર્વાદથી અને પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી હરિબળદાસજીના માર્ગદર્શન મુજબ એક અનોખી પંચાહ્ન પારાયણનું અદ્ભુત આયોજન તા. ૧૧-૯-૨૦૧૭ સોમવાર સંવત્ ૨૦૭૩ના ભાદરવા વદ ૬ થી તા. ૧૫-૯-૨૦૧૭, શુક્રવાર ભાદરવા વદ ૧૦ સુધી રાખવામાં આવ્યું હતું. સભાસંચાલન શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી અને વ્યવસ્થાનું આયોજન કોઠારી શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપ દાસજી તથા શા. સ્વામી લક્ષ્મણપ્રકાશ દાસજીએ સંભાળ્યું હતું.

પ.પૂ. મહંત સ્વામી તથા તે સમયના પ્રસાદી મંદિરના મહંત અ.નિ. સ્વામી હરિજીવનદાસજીની આજ્ઞા અને આશીર્વાદથી ગામ સુખપર રોહાના વ્યવસાયર્થે આફ્રિકા-મોમ્બાસામાં વર્ષોથી નિવાસ કરતા પ.ભ. કાનજીભાઈ હરજી પિંડોરીય ધ.પ. અખંડ સૌભાગ્યવતી રતનબેનની સાથે પ્રસાદી મંદિરની નિઃશુલ્ક સમર્પિત સેવક તરીકેની સેવામાં જોડાયા. તે સમયે ગુરુ સ્વામી હરિજીવનદાસજીએ આશીર્વાદ આપ્યા કે જ્યાં સુધી નિર્દોષબુધ્ધિ રાખીને સંતોની સાથે અને સાંખ્યયોગી બહેનોની સાથે આત્મીયભાવ રાખીને આ મંદિરની સેવા તમે બન્ને કરતા રહેશો ત્યાં સુધી બિમાર પણ નહીં પડો. અને અંતે અક્ષરધામમાં પણ જશો. બસ આટલા વચનને આત્મસાત કરી આ દંપતિ મંદિરની સેવામાં જોડાયા. પોતાની ગાડી પણ સાથે રાખી. ખાવું પોતાનું, ગાડી, તેલ, ખર્ચ પોતાનું અને સેવા મંદિરની, સંતોની, સાંખ્યયોગી બહેનોની અને વિદ્યાર્થી સંતોની. આવો દાખલો જાણે પ્રથમ હોય તેમ પારાયણના છેલ્લા દિવસે પ.પૂ. મહંત સ્વામીએ આ બાબતનો વારંવાર ઉલ્લેખ


## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવો ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

**માંડવી મધ્યે કન્યા વિદ્યામંદિર ઉદ્‌ઘાટન મહોત્સવ પંચાહ્ન પારાયણ**

**તા. ૨૯-૧૨-૨૦૧૭ થી તા. ૨-૧-૨૦૧૮ સુધી રહેશે.**
**આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**ઉપર મુજબના પ્રસંગોએ સત્સંગી હરિભક્તોએ સપરિવાર પધારી ઉત્સવોનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

કરીને અંતે ચોક્કસ શ્રીહરિ પોતાના અક્ષરધામમાં લઈ જશે એવું વચન ઉચ્ચાર્યું અને શુભાશીર્વાદ આપ્યા.

સાતે મંડળના સંતો પાંચે દિવસ સમય કાઢી કથામાં પધાર્યા અને ખૂબજ રાજીપો દર્શાવ્યો અને દરેક મંડળના વક્તાઓને જુદા જુદા સમયે શ્રીહરિલીલામૃત કળશની અદ્‌ભુત મનનીય કથા પોતાની જુદી જુદી શૈલીથી સંભળાવી. યજમાન પરિવારને તેમજ સમસ્ત સંતો, સાંખ્યયોગી બહેનોને રાજી કર્યા અને આ સેવાભાવી દંપતીને બહુ જ સારા ધન્યવાદ સાથે શુભાશીર્વાદ આપ્યા.

આખા કચ્છ પ્રાંતના સાંખ્યયોગી બહેનો પણ આ પારાયણમાં પધારી આ દંપતી ઉપર ખૂબ જ રાજીપો દર્શાવ્યો. સુખપર-રોહાના ભાઈઓ-બહેનો હરિભક્તોએ પાંચેય દિવસ પધારી ઠાકોરજીની પાલખી મંડળી સાથે હાજર રહી ઉત્સવને શોભાવ્યો હતો. ત્રણ દીકરીઓ હંસાબેન મનસુખ આસાણી - દહીંસરા, રેશ્માબેન દીપક ભંડેરી - રામપર વેકરા અને શાંતાબેન રમેશ વરસાણી - સુખપર તથા ભાઈ માવજીભાઈ હરજી તથા ધ.પ. લાલબાઈ આદિ પરિવાર પાંચે દિવસ હાજર રહી પ્રસંગને શોભાવ્યો હતો.

- સ્વામી સર્વમંગલદાસજી

---

## સરસ્વતી સન્માન સમારોહ : શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન - ભુજ

રવિવાર તા. ૩-૯-૧૭ના રોજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવન, ભુજમાં સરસ્વતી સન્માન સમારંભ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજના કોઠારી પાર્ષદ જાદવજી ભગત, વિદ્યાર્થી ભવનના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજી, સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજીની ઉપસ્થિતિમાં યોજાયેલ હતો. આ પ્રસંગે સ્વામી નીલકંઠમુનિદાસજી, સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, સ્વામી સત્યસ્વરૂપદાસજી, સ્વામી આનંદસ્વરૂપદાસજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે આશીર્વચન પાઠવતાં કોઠારી પાર્ષદ જાદવજી ભગતે તમામ વિદ્યાર્થીઓને મહેનત કરી સન્માનના હક્કદાર થવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીઓને આળસનો ત્યાગ કરી ખબરદાર થઈને ભણવું જોઈએ તેવી શીખ આપી હતી.

વિદ્યા સંકુલના સંચાલક શા. સ્વામી હરિવલ્લભદાસજીએ જણાવ્યું હતું કે, જે દેશ શિક્ષકનું સન્માન ગૌરવ નથી આપતો તે દેશ ક્યારેય આગળ વધી શકતો નથી. શિક્ષકો વિદ્યાર્થીઓને જીવંત રીતે ભણાવે તથા વિદ્યાર્થીઓની વિદ્યા ભૂખ જગાડે તેવી નેમ વ્યક્તિ કરી હતી.

સ્વામી આનંદસ્વરૂપદાસજીએ પોતાના વ્યક્તવ્યમાં ઈશ્વરવાદ તથા ભાગ્યવાદને છોડી મહેનત

## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવો ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

### ભુજ મંદિર - સમૂહ ભાગવત

**સંવત્ ૨૦૭૪, ફાગણ વદ ૩૦, તા. ૧૭-૩-૧૮ થી ચૈત્ર સુદ ૬, તા. ૨૩-૩-૧૮ સુધી રહેશે.**

આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**ઉપર મુજબના પ્રસંગોએ સત્સંગી હરિભક્તોએ સપરિવાર પધારી ઉત્સવોનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

દ્વારા જ સરળતા પ્રાપ્ત કરી શકાય તેવી શીખ આપી હતી.

ટ્રસ્ટીશ્રી જનકભાઈ ભટ્ટે END શબ્દને વ્યાખ્યાયિત કરતાં Effort Never Dies તથા FAIL શબ્દને વ્યાખ્યાયિત કરતાં First Attemp In Learning ને સમજાવીને ડો. કલામ સાહેબના શબ્દો ટાંક્યા હતા.

કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી વિનોદભાઈ શિયાણીએ વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં અંત અને મહેનતના બળે સરળતા પ્રાપ્ત કરવા જણાવ્યું હતું. વિદ્યાર્થીઓની સરળતા પાછળ સંતોના પુરુષાર્થને મહત્ત્વનો ગણાવ્યો હતો.

આ પ્રસંગે ધો. ૯,૧૦,૧૧ના વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા હતા. શ્રી ઘનશ્યામ મહારાજ સુવર્ણ જયંતિ મહોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ દ્વારા પાવન પ્રસંગના સંભારણારૂપે શાળામાં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ બે નોટબુકો તથા બોલપેન આપ્યા હતા.

આ પ્રસંગે વિદ્યાર્થી ભવનના પ્રમુખશ્રી ખીમજીભાઈ ભુડીયા, ઉપપ્રમુખશ્રી અરવિંદભાઈ પિંડોરીયા, મંત્રીશ્રી કરસનભાઈ હાલાઈ, કેળવણી મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ વાઘાણી, નારણભાઈ ગોરસીયા, દેવશીભાઈ હિરાણી વગેરે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. -આચાર્યશ્રી

---

## પ્રાંતીય સત્સંગ શિબિર

શ્રી નરનારાયણદેવની કૃપા અને પ્રાતઃસ્મરણીય પ.પૂ. સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની પ્રેરણા, આજ્ઞા અને આશીર્વાદથી ભુજ મંદિરના વિદ્વાન બ્રહ્મનિષ્ઠ યુવા સંતો તેમજ તપોનિષ્ઠ સાં.યો. બહેનો દ્વારા સપ્ટેમ્બર માસમાં સમગ્ર કચ્છ જિલ્લામાં અનેક સ્થળોએ કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળો અને યુવતી મંડળોની પ્રાંતીય સત્સંગ શિબિરોનાં આયોજનો સફળતાપૂર્વક સંપન્ન થયાં.

દરેક શિબિરોનો મંગલ પ્રારંભ ભારતીય પરંપરાનુસાર પ્રાર્થના, આરતી અને દીપ પ્રાગટ્યથી કરાયો હતો. વડીલ સંતો તથા હરિભક્તો, સંચાલકોએ દીપ પ્રાગટ્ય વિધિમાં જોડાઈ શિબિરાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. વર્તમાન સમયની વિકૃતિઓ અને અતિવ્યસ્ત જીવનશૈલીના વ્યાપક અસરના ઓછાયામાં આજની યુવાપેઢી સપડાઈ ગઈ છે. આ વિટંબણાથી યુવાધનને વિમુખ કરવાનું અતિ આવશ્યક અભિયાન ભુજ મંદિરના સંતોએ હાથ ધર્યું છે અને પ્રાંતીય શિબિરો યોજીને યુવાપેઢીના પથદર્શક બની ભારતીય સંસ્કૃતિના પ્રણાલિકાગત સંસ્કારોનું સિંચન કરવાની કામગીરી હાથ ધરી યુવક-યુવતીઓને સન્માર્ગે દોરવાની નેમ સાથે પુરુષાર્થ કરી રહ્યા છે.

આ શિબિરોમાં યુવક-યુવતીઓને જીવન મૂલ્યોની સાચી સમજ આપી આધ્યાત્મિક અભિગમ સાથે


## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવો ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

**ભુજ મંદિર : શ્રી નરનારાયણદેવ પાટોત્સવ**

**તા. ૧૬-૪-૧૮ થી તા. ૨૦-૪-૧૮ સુધી રહેશે.**

આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.

**ઉપર મુજબના પ્રસંગોએ સત્સંગી હરિભક્તોએ સપરિવાર પધારી ઉત્સવોનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

જીવનને ઉર્ધ્વગામી બનાવવા ભક્તિ અને સત્સંગની અનિવાર્યતા પર ભાર મૂકી પ્રેરક પ્રવચનો દ્વારા જીવનને સાર્થક બનાવવાની વાતો કહી હતી. સંપૂર્ણ નિષ્ઠા કેળવવા માટે શ્રધ્ધાની આવશ્યકતા, શ્રીજીને સંપૂર્ણ સમર્પિત થવા માટે નિષ્કામ દાસત્વભાવની અનિવાર્યતા તેમજ ભક્તિમાં દઢતા લાવવા માટે સંત સમાગમ અને સંત વચનનું મહત્ત્વ સમજાવાયું હતું. સંતોનો અને ભગવાનનો રાજીપો મેળવવા માટેના સત્શાસ્ત્રોનાં પ્રસંગો સદષ્ટાંત રજૂ કરીને સંતોએ યુવાધનમાં નવી જાગૃતિનો સંચાર કર્યો હતો. પ્રભુ પ્રસન્નતા અને સંતોના અંતઃકરણનાં આશિષથી જીવન સફળ બને છે અને તેમના કુરાજીપાથી જીવન નરક જેવું બને છે. એ વાતનાં દષ્ટાંતો આપી ભક્તિથી શક્તિ, સમૃધ્ધિ અને સામર્થ્યમાં વૃધ્ધિ થાય છે. તેના પ્રેરણાદાયી પ્રસંગો વર્ણવ્યા હતા. સદાચારના માર્ગે નીતિમયજીવન જીવવાની શીખ અપાઈ હતી. શિબિરમાં શબ્દ, સ્પરશ, રૂપ,રસ, ગંધાદિ વિષયો પર મનોરંજક વિવધ રમતો રમાડી ગમ્મત સાથે જ્ઞાન પીરસવામાં આવ્યું હતું. વ્યસનોનો ત્યાગ કરી સ્વાસ્થ્યવર્ધક ટેવો કેળવવા પર ભાર મૂકી અન્ય કુટેવોથી બચવા પણ જણાવાયું હતું. માનસીપૂજાની રીતની સમજ આપી તેનું મહત્ત્વ જણાવાયું હતું. આવી પ્રાંતીય સત્સંગ શિબિરો કચ્છ જિલ્લામાં સુખપર પ્રદેશ, બળદીયા પ્રદેશ, માનકુવા પ્રદેશ, ભુજ પ્રદેશ, અબડાસા વિસ્તાર, નારણપર પ્રદેશ, નડીયાદ, રાપર પ્રદેશ, માંડવી વિસ્તાર, વલસાડ અને અંજાર આદિ ગામોમાં યોજાઈ હતી. તેમજ આ શિબિરોમાં સ.ગુ. સ્વામી હરિબળદાસજી, સ્વામી કેશવજીવનદાસજી, પુ. સ્વામી પરમહંસદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, શા. સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી ભક્તવત્સલ દાસજી, શા. સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, સ્વામી કૃષ્ણપ્રિયદાસજી, સ્વામી બ્રહ્મમુનિદાસજી, સ્વામી કપિલમુનિદાસજી, સ્વામી વેદાંતસ્વરૂપદાસજી, સ્વામી શુકમુનિદાસજી, સ્વામી પતિતપાવનદાસજી, સ્વામી હરિસ્વરૂપદાસજી, સ્વામી હરિપ્રસાદદાસજી, સ્વામી સુખનંદનદાસજી, સ્વામી પ્રેમવલ્લભદાસજી, સ્વામી વ્યાસસ્વરૂપદાસજી, સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી ઘનશ્યામદાસજી, કોઠારી પાર્ષદ ખીમજી ભગત આદિ સંતો જોડાયા હતા અને સંચાલન કર્યું હતું.

- યુવક મંડળ કાર્યાલય

---

## સ્નેહ મિલન સમારોહ : સ્મૃતિ મંદિર

તા. ૧૭-૯-૨૦૧૭ના રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસ સ્મૃતિ મંદિરના ભૂતપૂર્વ અને વર્તમાન વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેનો મુખ્ય એજન્ડા તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ સ્મૃતિ મંદિર શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી નિવાસને ૨૫ વર્ષ પૂર્ણ થતાં આવતા 'રજત

## આમંત્રણ

**આપણા સંપ્રદાયમાં ઉત્સવોનું ખાસ મહત્ત્વ છે. શ્રીજી મહારાજના સૌ લાડીલા હરિભક્તોને સાનંદ જણાવવાનું કે નીચે દર્શાવેલા ઉત્સવો ધામધૂમથી ઉજવવાનું આયોજન સાકાર થઈ રહ્યું છે.**

**ભુજ મંદિર - અ.નિ. સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજીના સ્મરણાર્થે પંચાહ્ન પારાયણ**

**તા. ૧૫-૫-૨૦૧૮ થી તા. ૧૯-૫-૨૦૧૮ સુધી રહેશે.**

**આ પ્રસંગે મહંત સ્વામી તથા મહારાજશ્રી ઉપસ્થિત રહી શોભામાં વૃધ્ધિ કરશે.**

**ઉપર મુજબના પ્રસંગોએ સત્સંગી હરિભક્તોએ સપરિવાર પધારી ઉત્સવોનો આનંદ માણવા આમંત્રણ પાઠવવામાં આવે છે.**

જયંતી' મહોત્સવનું આયોજન કરવુ, તેના વિશે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને અવગત કરવા તથા વિદેશ વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ઉત્સવની વિગત પહોંચાડવી તથા તેના યજમાન પણા અને યથાશક્તિ સેવાની જવાબદારી સોંપવાની હતી. વિશેષમાં ઉત્સવ પૂર્વે થતા સ્નેહમિલનના ૧ દિવસીય કાર્યક્રમની વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થી વચ્ચે ઓળખ સ્થાપિત થાય આગામી સુંદર કાર્યક્રમ પૂર્વે ભૂતપૂર્વ સંસ્મરણો પણ તાજા થાય.

સમગ્ર કાર્યક્રમ વિશે જણાવતા આનંદ થાય કે, ભુજ શ્રી નરનારાયણદેવ નૂતન મંદિરના વરિષ્ઠ સંતો સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી આદિની હાજરીમાં રજતજયંતી મહોત્સવનો ઠરાવ પસાર થયેલ. ત્યારબાદ સ્મૃતિમંદિર શ્રી સ્વા. વિદ્યાર્થી નિવાસના સંચાલક સ્વામી લક્ષ્મીવલ્લભદાસજી, શા. સ્વામી જગતવિહારીદાસજી, શા. સ્વામી નારાયણમુનિદાસજી અને કે.પી. સ્વામી તથા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ભીમજીભાઈ જોધાણી, માવજીભાઈ, ઘનશ્યામભાઈ, કરસનભાઈ વગેરે ૧૫ લોકોની કમિટિએ આ સમગ્ર આયોજન કર્યું હતું. તેમજ બસ દ્વારા વિદ્યાર્થીઓને ત્યાં લઈ જવામાં આવ્યા. ત્યારબાદ શા. સ્વામી નારાયણમુનિદાસજીએ સમગ્ર ત્રિ-દિવસીય કાર્યક્રમની રૂપરેખા આપી. બધાયને પોતાના ઘરના ઉત્સવની જેમ સહપરિવાર ભાગ લેવા જણાવ્યું. ત્યારબાદ ગામ વાર સંખ્યા નોંધી.

ત્યારબાદ યુવાન સંત સ્વામી શ્રીરંગદાસજી દ્વારા વિદ્યાર્થીઓને જીવનસૂત્ર રૂપી ABCD અને સ્વામિનારાયણ ભગવાનની પઝલ સોલ્વ કરવા આપી જેમાં કોઠારી પાર્ષદ દિનેશ ભગતનો પણ સહયોગ મળ્યો હતો. શુધ્ધ અને સાત્વિક શ્રી નરનારાયણદેવનો પ્રસાદ સર્વે વિદ્યાર્થીઓએ લીધા બાદ બપોરપછીના સત્રમાં સ્વામી શ્રીરંગદાસજીએ બોધાત્મક ભાષા સાથે સમજનો આશરો લઈ વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત કરાવી.

ત્યારબાદ સંસ્થાના સહસંચાલક શા. સ્વામી જગતવિહારીદાસજી દ્વારા વિવિધ ભાષામાં વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી અને છેતરામણીથી બચવા વિશેનું જ્ઞાન પીરસ્યું હતું.

ત્યારબાદ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વર્તમાનમાં RSS સાથે જોડાયેલા એવા રવજીભાઈએ દેશભક્તિની વાત કરી હતી. ત્યારબાદ કોઠારી પાર્ષદ ખીમજી ભગતે વર્તમાનમાં શ્રીજી જીવંત છે અને પ્રત્યેક સંકલ્પ દૃઢ ઈચ્છા શક્તિ અને તેમાં દૃઢ વિશ્વાસથી પરિપૂર્ણ થાય તેમ જણાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમ ૪:૦૦ વાગે પૂર્ણતા ભણી વળ્યો ત્યારે સ્વામી લક્ષ્મીવલ્લભદાસજીની આજ્ઞાથી વિશેષ તૈયાર કરેલ 'ફ્રૂટ સલાડ'નો પ્રસાદ બધાયને મળ્યો હતો. આ કાર્યક્રમમાં અંદાજે ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ એકત્ર થયા હતા.

અંતે સ્વામી લક્ષ્મીવલ્લભદાસજીએ બધાય વિદ્યાર્થીઓ તથા સંતોનો આભાર વ્યક્ત કર્યો હતો અને ઉત્સવમાં તન, મન અને ધનથી સેવા કરવા અને શ્રી નરનારાયણદેવનો રાજીપો લેવા જણાવ્યું હતું.

- વિદ્યાર્થી નીરવ પંડ્યા, સ્મૃતિમંદિર

---

## પંચાહ્ન પારાયણ : ધનબાદ

કચ્છના ઉધ્ધારને માટે સ્વયં શ્રીજી મહારાજે પધરાવેલા શ્રી નરનારાયણદેવના ચરણોમાંથી અને ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તેમજ ભારતદેશમાં ભ્રમણ કરતાં મંડળના મંડલેશ્વર સ.ગુ. પુ. સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી આદિ નાના મોટા સંતોની આજ્ઞાથી ભારતદેશના ખૂણે ખૂણામાં વસતા ખાસ કરીને કચ્છના હરિભક્તોને તેમજ ઈતર દેશના હરિભક્તોને સત્સંગ કરાવવા માટે પુરાણી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, પુ. સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, સ્વામી મુક્તમુનિદાસજી તથા ચાર હરિભક્તો સંતોની સાથે તા. ૧૫-૭-૨૦૧૭,

શનિવારના રોજ શ્રીનરનારાયણદેવની શણગાર આરતીના દર્શન કરીને નીકળ્યા. સૌ પ્રથમ સાબરકાંઠાના હરિભક્તોને સત્સંગનો લાભી આપી રાજસ્થાનમાં વસ્તા હરિભક્તોને સત્સંગનો લાભ આપીને મથુરા, ગોકુળ, વૃંદાવન તેમજ છપૈયા વગેરે ઉત્તરપ્રદેશના પવિત્ર તીર્થ સ્થાનોની યાત્રા કરી, નેપાળ સ્થિત પુલ્હાશ્રમની યાત્રા કરીને બિહારમાં વસતા ભક્તોને સત્સંગ કરાવીને ઝારખંડની રાજધાની રાંચીમાં આવ્યા. અહીં વસતા હરિભક્તોનો ખૂબ ભાવ જોઈને ૩ દિવસ રોકાયા. ખૂબ સત્સંગ કરાવ્યો. પધરામણી કરીને હરિભક્તોને રાજી કરી દર્શનીય સ્થળોની યાત્રા કરતા કરતા તા. ૬-૯-૨૦૧૭ બુધવારના રોજ કોલસાની રાજધાની ધનબાદમાં આવ્યા. અહીં રહેતા હરિભક્તોનો સત્સંગ જોઈને સંતો રાજી થયા. વિશેષ સત્સંગનો લાભ મળે તેવા હેતુથી તા. ૭-૯-૨૦૧૭ ગુરુવારથી તા. ૧૧-૯-૨૦૧૭ સોમવાર સુધી શ્રી સ્વામિનારાયણ મંદિર ધનબાદમાં નિષ્કુળાનંદ સ્વામી રચીત 'શ્રીમદ્ શાંતિપાઠ'ની પંચાહ્ન પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી રહીને સુંદર સુમધુર વાણીમાં જીવનમાં શાતિ થાય એવાં નીલકંઠ પ્રભુના વનવિચરણના ચરિત્રો સંભળાવ્યા હતા. જેમાં વિશેષ બિહારી, મારવાડી ભક્તો તેમજ અન્ય ભક્તોએ લાભ લીધો હતો.

કથા અંતર્ગત તા. ૧૦-૯-૧૭ રવિવારનાં રોજ સવારે મંદિરમાં મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા હરિભક્તો-બહેનોએ લાભ લીધો હતો. ભક્તોનો ભાવ જોઈને ઘરોઘર પધરામણીઓ કરી હતી. ઘણા મુમુક્ષુઓ વ્યસનમુક્ત થઈ મંદિરમાં આવતા થયા. નવી પૂજાઓ આપી પૂજા કરતા થયા. આવી રીતે એક અઠવાડીયું ધનબાદમાં રહીને ખૂબ સત્સંગના રંગથી હરિભક્તોને રંગીને સંપૂર્ણ ભારત સત્સંગ યાત્રા માટે નીકળેલા સંતો આગળ આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઓરિસા વગેરે રાજ્યોમાં વસ્તા હરિભક્તોને સત્સંગ કરાવવા માટે ધનબાદથી પ્રયાણ કર્યું.

- શા. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી

## :: અક્ષરવાસ ::

પ.ભ. મનજીભાઈ શીવજી હાલાઈ તા. ૨૨-૯-૨૦૧૭ના રોજ શ્રીહરિનું સ્મરણ કરતાં શ્રીજી મહારાજના ધામમાં સિધાવ્યા છે.

પ.ભ. મનજીભાઈની ભુજ શ્રી નરનારાયણદેવની અજોડ, અદ્વિતીય, અમાપ સેવા હતી. અ.નિ. શા. સ્વામી ધર્મજીવન દાસજીની આજ્ઞા એમને આત્મસાત્ કરી હતી. લંડન વિલ્સડન વિસ્તારમાં ભુજ મંદિરે મંદિરના પાયા નાખ્યા ત્યારે એમની સંપૂર્ણ જવાબદારી મનજીભાઈને સોંપી મંદિરની કાર્યવાહી ભુજ મંદિરના મહંત સ્વામીની આજ્ઞા મુજબ ૪૦ વર્ષ સુધી મંદિરના પ્રમુખ પદે રહી સૌ ભક્તોને સાથે રાખી ચાલુ રાખી. ભુજ મંદિરે તથા કચ્છના સત્સંગ વિકાસમાં તેમનો સિંહફાળો રહ્યો છે. પોતે શ્રી નરનારાયણદેવ ભુજની નિષ્ઠામાં રહ્યા અને સર્વે ભક્તોને પણ નિષ્ઠામાં રાખ્યા.

આવા ભક્ત ધામમાં ગયા તેમની પાછળ તેમના એક દીકરાને મૂકી ગયા છે. એમના પરિવારને શ્રીજી મહારાજ વિયોગનું દુઃખ સહન કરવાની હિંમત આપે અને જેવા મનજીભાઈ સત્સંગમાં નિષ્ઠાવાન હતા તેવાજ તે પણ થાય એવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

મનજીભાઈના ધામમાં જવાથી આપણા કચ્છના સત્સંગને મોટી ખોટ પડી છે. શ્રીજી મહારાજને ગમ્યું તે ખરું.



# સત્સંગ સમાચાર વિદેશ

### વાર્ષિક પાટોત્સવ : બોલ્ટન

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સ્વામિનારાયણ મંદિર, બોલ્ટનનો ૪૪મો વાર્ષિક પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. આ પ્રસંગે આપણા મંદિરમાં ભુજ ધામથી પધારેલ મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તેમજ યુ.કે.ના પ્રવાસે પધારતા સંતોમાં સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીના મંડળના સંતો સહિત ૩૩ સંતો પધારીને પ્રસંગને ખૂબ જ શોભાવ્યો હતો. દરરોજ જુદા જુદા સંતોના સાંજ-સવારે શ્રીમદ્ ભગવત ગીતા તથા પુરુષોત્તમ ચરિત્ર પુષ્પમાળાનું સંતોએ પોતાની અમૃત સમાન સરળ ભાષામાં કથા સંભળાવી તેમજ જુદા જુદા સંતોના આશીર્વાદ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. આ પ્રસંગે સૌથી ઊંચો આંક આપી કરીને આ પ્રસંગે કથા પારાયણના યજમાનપદે ગામ માધાપરના સામજીભાઈ વિશ્રામ વરસાણી ધ.પ. સુંદરબાઈ, સુપુત્ર નાનદાસભાઈ, અરજણભાઈ, હરીશભાઈ, પ્રવીણભાઈ તથા સુપુત્રી મંજુલાબેન આદિ સહપરિવાર રહ્યા હતા.

આ પ્રસંગે સૌથી ઊંચો આંક આપીને ઠાકોરજીના મહાઅભિષેકના યજમાનપદે ગામ દહીંસરાના વાલજીભાઈ કેશરા કરસન હાલાઈ ધ.પ. પ્રેમીલાબેન, સુપુત્ર મિતેશ તથા હીપેશ તથા સુપુત્રી કલપા આદિ સહપરિવાર તથા ગામ રામપરના જેન્તી નાથાલાલ ગોપાલ કેરાઈ સહપરિવાર સાથે મળીને લાભ લીધો હતો. તેમજ ઊંચો આંક આપીને ઠાકોરજીના સિંહાસન તેમજ મંદિરના શિખર ઉપર ધ્વજરોપણના યજમાનપદે ગામ નારણપરના નારણભાઈ વેલજી પિંડોરીયા ધ.પ. કાન્તાબેન, સુપુત્ર સુરેશ, સુપુત્રી રસીલા, હંસા આદિ સહપરિવારે લાભ લીધો હતો.

તેવી જ રીતે પાટોત્સવ દરમ્યાન જુદા જુદા હરિભક્તો તરફથી પ્રસાદરૂપી ભોજનના યજમાન અ.નિ. કાન્તાબેન મનજી રાઘવાણી સહપરિવાર - બળદીયા, હીરજીભાઈ મનજી જાદવા સહપરિવાર - દહીંસરા, સામજીભાઈ હરજી કેરાઈ ધ.પ. અ.નિ. અમરબાઈ હસ્તે સુપુત્ર નીતિન સહપરિવાર - માધાપર રહ્યા હતા.

આ પ્રમાણે ભુજથી પધારેલ સંતોની સાથે રહી આપણા મંદિરનો પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવેલ અને સૌ ભાઈઓ-બહેનોએ ખૂબ જ લાભ લીધેલ. ત્યારબાદ મંદિર તરફથી સંતોનો તેમજ સૌ હરિભક્તોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ.

- પ્રમુખશ્રી મનજીભાઈ ગાંગજી હાલાઈ

---

### વાર્ષિક સભા : કંપાલા યુગાન્ડા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર, કંપાલા યુગાન્ડાની વાર્ષિક જાહેર સભા રવિવાર તા. ૬-૮-૨૦૧૭ના રોજ મળી હતી. જેમાં જૂની કાર્યવાહક કમીટી અને સભ્યો, યુવક મંડળ, યુવતી મંડળ તથા મહિલા પ્રતિનિધિઓએ અત્યાર સુધી મંદિરમાં સેવા આપી તે બદલ સર્વે સત્સંગીઓ તેમનો આભાર વ્યક્ત કરીને પછી બરખાસ્ત કરેલ હતી. અને ત્યાર પછી નવી નિમણૂકના સંચાલનની જવાબદારી સર્વેના રાજીપાથી મંદિરના ટ્રસ્ટી

માવજીભાઈ નારણ કારા અને શીવજીભાઈ લાલજી હીરાણીએ સંભાળી હતી.

નવી નિમણૂક કરાયેલી કાર્યવાહક કમીટી અને સભ્યો, યુવક મંડળ, યુવતી મંડળ તથા મહિલા પ્રતિનિધિ (૨૦૧૭/૧૮) અને ટ્રસ્ટી મંડળના (૨૦૧૬/૧૯)ના નામ નીચે મુજબ છે.

**ટ્રસ્ટી મંડળ (૨૦૧૬/૧૯) :** અધ્યક્ષશ્રી પરબતભાઈ ભીમજી શિયાણી - મીરજાપર, મંત્રીશ્રી નિમેશભાઈ ખીમજી શિયાણી - મીરજાપર, ટ્રસ્ટીઓ શીવજીભાઈ લાલજી હીરાણી - મીરજાપર, પ્રેમજીભાઈ લાલજી કારા - દહીંસરા, માવજીભાઈ નારણ કારા - માંડવી.

**કાર્યવાહક કમીટી (૨૦૧૭/૧૮) :** અધ્યક્ષશ્રી હિરજીભાઈ રવજી જેશાણી - દહીંસરા, સહઅધ્યક્ષશ્રી મનીષભાઈ પરબત શિયાણી - મીરજાપર, મંત્રીશ્રી પ્રકાશભાઈ માવજી કારા - માંડવી, સહમંત્રીશ્રી ધનજીભાઈ લાલજી હીરાણી - સુખપર, ખજાનચીશ્રી રમેશભાઈ કાનજી વેકરીયા - નારણપર, સહખજાનચીશ્રી હિતેશભાઈ હરજી હીરાણી - માનકુવા, સભ્યો : ગોપાલભાઈ ધનજી હીરાણી - મીરજાપર, ધનજીભાઈ નારણ હીરાણી - કેરા, લાલજીભાઈ મુળજી હીરાણી - સુખપર, રમેશભાઈ હીરજી હાલાઈ - મેઘપર, શીવજીભાઈ રૂડા ખેતાણી - ગોડપર, કપીલભાઈ વાલજી હીરાણી - માંડવી, મનસુખભાઈ કાનજી વેકરીયા - નારણપર

**યુવક મંડળ (૨૦૧૭/૧૮) :** સભ્યો કલ્પેશભાઈ રત્ના હાલાઈ, સુખપર અને જયેશભાઈ ગોપાલ ખેતાણી, કેરા.

**યુવતી મંડળ (૨૦૧૭/૧૮) :** કસ્તુરબેન મુકેશ વેકરીયા, સુરજપર અને વનિતાબેન વિનોદ હીરાણી, બળદીયા.

**મહિલા પ્રતિનિધિ (૨૦૧૭/૧૮) :** સભ્યો : કાન્તાબેન કાનજી પાધરા - સુખપર, શાન્તાબેન નારણ મેપાણી - સુખપર, પ્રેમીલાબેન નિતીન વેકરીયા - મીરજાપર, રમીલાબેન નિમેશ શીયાણી - મીરજાપર, કસ્તુરબેન શીવજી હીરાણી - મીરજાપર.

**રસોડ સમિતિ (૨૦૧૭/૧૮) :** શામજીભાઈ નારણ કારા - માંડવી, નારણભાઈ ધનજી મેપાણી - સુખપર, દિનેશભાઈ માવજી વેકરીયા - નારણપર, વાલજીભાઈ શામજી હાલાઈ - નારણપર, વિશ્રામભાઈ શામજી રૂપાલીયા - સુખપર.

- અધ્યક્ષશ્રી હિરજીભાઈ રવજી જેશાણી

---

## વાર્ષિક સભા અહેવાલ : પર્થ - ઓસ્ટ્રેલીયા

શ્રી સ્વામિનારાયણ મંદિર, પર્થ-ઓસ્ટ્રેલીયાની બારમી વાર્ષિક જાહેર સભા રવિવાર તા. ૧૦-૯-૧૭ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થના સભામંડપમાં બપોરના ૨:૩૦ થી ૫:૦૦ વાગ્યા દરમ્યાન રાખવામાં આવેલ હતી. કોરમ પૂરો થતાં અધ્યક્ષશ્રી કાંતિલાલભાઈ વિશ્રામ ગોપાલે શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયઘોષ સાથે સભાનું કાર્ય શરુ કરવામાં આવેલ. મંત્રીશ્રી વિનોદભાઈ વેલજી હીરાણીએ સભામાં આવેલા સર્વ સત્સંગી હરિભક્તોને આવકાર્યા બાદ ગત વાર્ષિક જાહેર સભાની નોંધનું વાંચન કરવામાં આવેલ.

ખજાનચીશ્રી કિશોરભાઈ લાલજી સેંઘાણીએ ગત વર્ષની આવક-જાવકનો હિસાબ તથા સરવૈયું વાંચી સંભળાવેલ જે સર્વાનુમતે પાસ કરવામાં આવેલ.

ત્યારબાદ મંત્રીશ્રી વિનોદભાઈ વેલજી હીરાણીએ વર્ષ દરમ્યાન મંદિર વિશેની જે જે પ્રવૃત્તિ થયેલ તથા આપણા સંપ્રદાયના તમામ ધાર્મિક તહેવારો ખૂબ જ

ધામધૂમથી ઉજવેલ તેમનો વિસ્તૃત અહેવાલ સભાજનોને જણાવેલ. તેમજ મંદિરની તમામ પેટા સમિતિના સભ્યોએ ખૂબ જ તન,મન અને ધનથી વર્ષ દરમ્યાન પોતાનું જ કાર્ય સમજીને ખૂબ જ નિખાલસ ભાવથી સેવા કરેલ છે, તે બદલ તમામ સેવાભાવી ભક્તોનો આભાર વ્યક્ત કરેલ. અધ્યક્ષશ્રી કાંતિલાલભાઈ વિશ્રામ ગોપાલ સર્વે હરિભક્તોનો સાથ સહકાર મળેલ તે બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરેલ.

ત્યારબાદ અધ્યક્ષશ્રીએ ચાલુ કાર્યવાહક સમિતિને બરખાસ્ત કર્યા બાદ ચૂંટણી અધિકારીની નિયુક્તિ કરવામાં આવેલ. જેમાં નીચે જણાવેલ મુજબ વર્ષ ૨૦૧૭/૨૦૧૮ કાર્યવાહક સમિતિની વરણી કરવામાં આવેલ.

અધ્યક્ષશ્રી ધનજીભાઈ રામજી ભુડીયા - માનકુવા, ઉપાધ્યક્ષશ્રી કાંતિલાલભાઈ વિશ્રામ ગોપાલ પિંડોરીયા - માધાપર, મંત્રીશ્રી જગદીશભાઈ રામજી ભુડીયા - માનકુવા, સહમંત્રીશ્રી પુનિતભાઈ વિનોદ કેરાઈ - નારણપર, ખજાનચીશ્રી હરીશભાઈ પ્રેમજી હીરાણી - માંડવી, સહખજાનચીશ્રી ભાવિનભાઈ રમેશ હીરાણી - વેકરા, હિસાબ ચોકસીશ્રી ભરતભાઈ કાનજી દબાસીયા - કોડકી, સભ્યો : કવિતભાઈ ધનજી ભુડીયા - માનકુવા, અરવિંદભાઈ દેવરાજ હાલાઈ - દહીંસરા, અલ્પેશભાઈ દેવશી હાલાઈ - સુરજપર, વસંતભાઈ ભીમજી હાલાઈ - દહીંસરા.

ટ્રસ્ટી મંડળ : મનજીભાઈ શીવજી ભંડેરી - વેકરા, શામજીભાઈ લાલજી વરસાણી - નારણપર, કાનજીભાઈ કરસન હીરાણી - બળદીયા, કાનજીભાઈ ખીમજી રાબડીયા - બળદીયા, લાલજીભાઈ રામજી વરસાણી - સામત્રા.

- મંત્રીશ્રી જગદીશભાઈ રામજી ભુડીયા

ભુજ મંદિરની વેબસાઈટ
www.bhujmandir.org
ઉપર હજારો કીર્તનો સાંભળી શકો છો.
ફ્રી ડાઉનલોડ કરી શકો છે. અને સ્વામિનારાયણ રેડિયો ઉપર આ બધું જ ઉપલબ્ધ છે.


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



**ભુજ નિત્યદર્શનમ્ દ્વારા**

**હવેથી માણો ઘર બેઠા દર્શનનો લાભ**

શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ, પ્રસાદિ મંદિર, અંજાર અને માંડવીમાં બિરાજતા દેવોનાં નિત્યદર્શન તથા સંતોની અમૃતવાણી વોટ્સેપ દ્વારા આપનું પુરૂ નામ તથા સરનામું લખીને

**+91 73592 50231**



**ઉપર અરજી મોકલો**

આ નંબર પર અન્ય કોઈ મેસેજ મોકલવા નહીં.

# ઉત્સવોને જાણો અને માણો




શા. સ્વામી સંતસ્વરૂપદાસજી

બાલ મિત્રો! નવા વર્ષના જય સ્વામિનારાયણ..... તમારી પરીક્ષા પૂરી થઇ ગઇ હશે અને દિવાળીનું વેકેશન પણ પડી ગયું હશે. બસ હવે તો ફરવા જવાનું, નવા કપડા સીવડાવવાના, ફટાકડા લેવાના દીવાળી આવે એટલે દરેકને આનંદ જ હોય પણ દીવાળીની ખુશીઆલીમાં શ્રીઘનશ્યામ બાલમંડળમાં જવાનું ભુલતા નહિ.

બાલ મિત્રો! તમે જાણો છો કે વાઘબારસથી માંડી ભાઇબીજ સુધીના ઉત્સવો આપણે શામાટે ઉજવીએ છીએ? તો એ ઉત્સવો વિષે થોડું આપણે જાણીએ અનો પછી માણીએ.

વાઘબારસા એટલે? વાઘમાંડવું એટલે દેવું પતાવવું. ધંધા-વેપારના જૂના ચોપડા નવા કરતાં પહેલાં જેટલું દેવું હોય, તેની લેણ-દેણ કરવામાં આ દિવસ ઉત્તમ મનાય છે. આજના દિવસે સૌ હિસાબો પૂર્ણ કરે છે.

બાળકોને વળી નવા-જૂના વેપારના ચોપડા સાથે શું લેવા દેવા? તેના માટે તો ચોપડા એટલે. અભ્યાસનાં પુસ્તકો અને નોટબુકો. અડધું વર્ષ પુરું થઇ ગયું છે. તેથી જેટલું લેશન હોય તેટલું પૂરું કરી દેવું તથા જેટલું ભણ્યા હોઇએ, તેટલું આ દિવસ સુધીમાં કાંઇક કાચું હોય તો પાકું કરી નાખવું.

ધનતેરસ એટલે ? ધનનું પૂજન કરવામાં આવે છે. પહેલા ગાયોનું ધણ પણ ધન કહેવાતું. આ દિવસે ગાયોની પૂજા થતી. સમયજતા આજે ગોધનની સાથે ધનની પણ પૂજા થવા લગી. લોકો પરંપરાનુસાર ગાયની પૂજા કરે છે. ગાયના શીંગડા રંગે છે. આજના દિવસે સમુદ્ર મંથન કરતી વખતે ચૌદમું રત્ન અમૃતને લઇ ધનવંતરી સમુદ્રમાંથી પ્રગટ થયા હતા. આ દિવસે લક્ષ્મીપતિ ભગવાનના અલંકારોનું (ઘરેણાં) યથાયોગ્ય માર્જન (ધોવા) કરી સ્વચ્છ કરવામાં આવે છે અને પૂજાના ઉપકરણો,પાત્રો આદિકને ધોઇ કરી સ્વચ્છ કરવામાં આવે છે.

માટે બાળકો ધનતેરસના દિવસે તમારી દરરોજની પૂજાના પાત્રો એટલે આસન,ધોતી,સાલ વગેરેને ધોઇને સ્વચ્છ કરવા જોઇએ. ઘરમંદિરની પણ સફાઇ કરી સ્વચ્છ કરવું.

કાળી ચૌદશ એટલે? કાળીચૌદશ એટલે કૃષ્ણ પક્ષની ચૌદશી હોવાથી કાળીચૌદશ કહેવામાં આવે છે. આ દિવસે પ્રાગ્જયોતિષપુર (ગોહાટી) ના રાજા ભૌમાસુરે બધી જ સારીસારી વસ્તુઓ લોકો પાસેથી લૂટીને ભેગી કરી હતી. દેવોની માતા અદિતિનાં કુંડળ પણ તે ચોરી ગયો હતો. તેણે ત્રણે લોકમાં હાહાકાર મચાવી દીધો હતો. દેવોની પ્રાર્થનાથી શ્રીકૃષ્ણ ભગવાને સત્યભામાને સાથે લઇ ભૌમાસુર એટલે કે નરકાસુરનો વધ કર્યો હતો. ને તેણે કેદ કરેલી ૧૬,૦૦૦ હજાર સ્રીઓને છોડાવી હતી. મૃત્યુ સમયે છેલ્લા શ્વાસ લેતા નરકાસુરે ભગવાનની પ્રાર્થના કરી હતી. અને ભગવાનને કહ્યુંઃ મારી મૃત્યુતિથિએ જે સૂર્યોદય પહેલાં સ્નાન કરે તેને નરકની પીડા ન થાય. ભગવાને તથાસ્તુ કહ્યું. આ અસુરનું બીજું નામ નરકાસુર હતું તેથી આ દિવસનો નરકચતુર્દશી પણ કહેવામાં આવે છે. આપણા મંદિરોમાં આ દિવસે રામદૂત હનુમાનજીની પૂજા કરી ભૂત પ્રત થકી રક્ષણ માટે પ્રાર્થના કરવામાં આવે છે. શ્રીજીમહારાજે શીક્ષાપત્રીમાં પણ આજ્ઞા કરી છે કે આષો વદ ચતુર્દશીને દિવસે હનુમાનજીની પૂજા કરવી.

બાળ મિત્રો ! શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજે લખ્યું છે કે ભૂત-પ્રતનો ઉપદ્રવ થાય ત્યારે હનુમાનજીને યાદ કરવા. તમને જયારે ભયલાગે અથવા ખરાબ સ્વપ્ર આવે ત્યારે હનુમાનજીને યાદ કરવા.

દીવાળી એટલે ? દીવાળી શબ્દ દીપાવલી પરથી આવ્યો છે. દીપાવલી એટલે દીવડાઓની હારમાળા. શ્રીજી મહારાજે સત્સંગીજીવનમાં કહ્યું છે ધનતેરસથી આરંભી ભકતોએ દીપોત્સવના કિર્તનોનું ગાન કરવું. અને ત્રણ દિવસ તેરસ,ચૌદશ અને દીવાળી સુધી મંદિરમાં દીપમાળા પૂરી મંદિરને ઝગમગાવવું. સંવત્ ૧૮૭૭ની સાલમાં દીવાળીની રાત્રે ભગવાન શ્રીહરિએ કારીયાણીમાં દીપમાળા મધ્યે ઊંચામંચ પર બિરાજી ભક્તોને દર્શનનો દિવ્ય આનંદ આપ્યો હતો. આજના દિવસે સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં હતાં. તથી લોકોએ આનંદમાં આવી દીવડા પ્રગટાવ્યા હતા. લક્ષ્મીજીની પૂજા કરી હતી. તેથી આ દિવસે મંદિરમાં લક્ષ્મીજીની પૂજા કરવામાં આવે છે. ચોપડા પૂજન પણ કરવામાં આવે છે. આ દિવસે પાંડવો બારવર્ષનો વનવાસ

અને અક વર્ષ ગુપ્તવાસ પૂર્ણકરી પાછા આવ્યા હતા. બીજી કથા ભગવાન શ્રીરામ ચૌદવર્ષનો વનવાસ પૂર્ણકરી અયોધ્યા પધાર્યા હતા. તેથી અયોધ્યાવાસી દીવડા પ્રગટાવી ઉત્સવ કર્યો હતો.

બાળમિત્રો! દીવાળીને દિવસે ધરમંદિરમાં દીવડા કરવા આંગણામાં રંગોળી પૂરવી. અને હા ફટાકડા ફોડવામાં ધ્યાન રાખવું કે આપને નુકશાન ન થાય અને બીજાને પણ નુકશાન ન થાય.

સંવત્ પ્રમાણે આપણું વર્ષ દીવાળીને દિવસે પૂર્ણ થાય છે ને નવા વર્ષની શરુઆત થાય છે માટે રાત્રે સૂતાં પહેલા વિચારવું કે ગયા વર્ષમાં મારાથી થયેલી ભૂલોને હવેથી હું સુધારીશ. અને વેરઝેર ભુલીને દરેકની સાથે મિત્રતા કરીશ આવો સંકલ્પ કરવો.

નવુ વર્ષ અને અન્નકુટ એટલે ? વિક્રમ રાજાએ ક્રૂર એવી શક પ્રજા પર વિજય મેળવી વિક્રમ સંવત્ શરુ કરી હતી, તે વિક્રમ સંવત્‌નો આ પ્રથમ દિવસ છે. એટલે તેને નવું વર્ષ કહેવામાં આવે છે.

વર્ષાઋતુમાં તૈયાર થયેલ શાકભાજી,ફળ.અન્નાજ વગેરેને ઘેર લાવી. તેમાંથી વિવિધ વાનગીઓ બનાવી વરસાદના દેવ ઈન્દ્રની પૂજા કરવાનો ગોકુલમાં રિવાજ હતો. શ્રીકૃષ્ણ ભગવાને ઈન્દ્રની પૂજા બંધ કરાવી, ગોવર્ધન અને ગાયોની પૂજા કરવાની આજ્ઞા આપી. શ્રીકૃષ્ણની આજ્ઞા માની ગોકુલવાસી ગોવર્ધનની પૂજા કરી વિવિધ વાનગીઓ ધરાવીને અન્નકૂટ ઉત્સવ કર્યો. તેથી ઈન્દ્રે ખૂબ વરસાદ વરસાવ્યો, ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન પર્વતને ડાબા હાથની ટચલી આંગળીએ ઉપાડી સૌની રક્ષા કરી હતી. એ દિવસથી ભક્તો ગોવર્ધન પૂજા કરી અન્નકૂટ ઉત્સવ કરે છે.

આ અન્નકૂટોત્સવની ઉજવણી શ્રીજી મહારાજે પણ ધામધૂમપૂર્વક કરેલી છે. ગઢપુર દાદાના દરબારમાં, ભુજમાં લાધીબાઇને ઘેર એમ ઘણી જગ્યાએ શ્રીજી મહારાજે અન્નકૂટોત્સવ કરેલો છે.

બાળકો ! મહાભારતમાં વ્યાસજીએ લખ્યું છે કે આ નવા વર્ષના પ્રથમ દિવસે જે આનંદમાં રહે છે, તેનું આખું વર્ષ આનંદમાં વીતે છે. જે દુ:ખમાં રહે છે, તેનું આખું વર્ષ દુ:ખમાં વીતે છે. માટે સદા આનંદમાં રહેવું.

નવા વર્ષે સૌએ જૂનાં નવાં વેરઝેર ભૂલી એકબીજાને પ્રેમથી જય સ્વામિનારાયણ કહી મળવું. મા-બાપ, વડીલોને પગે લાગી જય સ્વામિનારાયણ કહેવા.ભાઇ,ભાઇબંધને હાથ મિલાવીને નહિ પણ હાથ જોડી જય સ્વામિનારાયણ કહી ભેટવું.

ભાઇબીજ એટલે ? ભાઇબીજને યમદ્વિતીયા પણ કહેવામાં આવે છે. આ દિવસે યમુનાજીએ પોતાના ભાઇ યમરાજાને ભોજન માટે આમંત્રણ આપ્યું હતું. યમુનાજીએ વિવિધ ભોજન બનાવી ભાઇને જમાડયાં હતા. ભાઇ યમરાજાએ બહેનને વસ્ત્ર,આભૂષણો આપ્યા હતા. તે દિવસથી ભાઇ બહેનને ત્યાં જમવા માટે જાય છે. ભાઇ બહેનને ભેટ આપે છે.

## -: જ્ઞાનમાળા:-

૧. દીવાળીને દિવસે કોનું પૂજન કરવામાં આવે છે ?
(અ) લક્ષ્મીજી (બ) ગોવર્ધન (ક) ગાય (ડ) દીપ

૨. શ્રીકૃષ્ણ ભગવાને કોનું પૂજન બંધ કરાવ્યું હતું ?
(અ) શંકર (બ) વૃક્ષ (ક) ઈન્દ્ર (ડ) રાજા

૩. રુડો દીવાળીનો દિવસ કે આ કિર્તન કોણે બનાવ્યું છે ?
(અ) મુક્તાનંદ (બ) બ્રહ્માનંદ
(ક) પ્રેમાનંદ (ડ) ભૂમાનંદ

૪. વડતાલમાં શ્રીલક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા કયા દિવસે કરવામાં આવી હતી ?
(અ) કાર્તિક વદ ૧ ૨ (બ) આસો વદ ૧ ૨
(ક) કાર્તિક સુદ ૧ ૨ (ડ) વૈશાખ સુદ ૧ ૫

૫. શ્રી સ્વામિનારાયણ ભગવાનને દીક્ષા કયાં મહિનામાં આપવામાં આવી હતી ?
(અ) આસો (બ) કાર્તિક (ક) માગશર (ડ) ચૈત્ર

૬. ભક્તિમાતાનો જન્મ કઇ સાલમાં થયો હતો ?
(અ) ૧૭૯૮ (બ) ૧૭૯૫ (ક) ૧૮૯૮ (ડ) ૧૭૯૬

૭. ધર્મદેવનો જન્મ કયા વારે થયો હતો ?
(અ) સોમવાર (બ) બધુવાર
(ક) સવાર (ડ) શુક્રવાર

૮. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને મહાદીક્ષા વિધિમાં કેટલા અક્ષરનો મંત્ર આપ્યો હતો.?
(અ) આઠ (બ) છ (ક) પાંચ (ડ) દસ

૯. રામાનંદ સ્વામીએ શ્રી સહજાનંદ સ્વામીને ગાદી કોના દરબારમાં સોપી હતી ?
(અ) સુરાખાચર (બ) ઉત્તમરાય
(ક) ગોવર્ધન (ડ) ઉન્નડખાચર


૧૦. સંવત્ વર્ષની શરુઆત કોણી કરી હતી ?
(અ) ગૌત્તમ (બ) શીવાજી (ક) વિક્રમ (ડ) અશોક ?

**-: શબ્દ રચના :-**

**આ કોયડામાં ભારતીય બાર મહિનાના નામ મુકેલા છે તેને શોધો.**

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | શ્રા | | | | | | | |
| | | | | | | વા | પો | મ | | | | | | |
| | | | | | હ | ભ | ષ | જુ | વૈ | | | | | |
| | | | | મા | ચૈ | એ | પ્રી | લ | લા | ન | | | | |
| | | | ક | ગ | ત્ર | ષ | દ | મા | ર્ચ | ઈ | ણ | | | |
| | | ણ | ફ | શ | હા | ઢ | વો | ખ | ત્ર | વ | મે | ન | | |
| | ષા | કા | ખ | કા | ર | ત | ક | ષા | શ્રા | ક | સો | જૂ | ઘ | |
| આ | ઠ | ર | ષા | હા | ચૈ | લ | વા | ણ | સ | આ | શા | મ | વૈ | ફા |
| | જે | પ | મ | વા | સ | ફા | ગ | ખ | દ | કા | ગ | જે | સ | |
| | | ણ | પ | ભ | મે | ઘ | સો | વો | ભા | અ | ષા | ઢ | | |
| | | | ગ | વૈ | મા | સ | ર | ડી | સે | મ્બ | ર | | | |
| | | | | ફા | ઢ | દ | કા | ષ | ખ | રી | | | | |
| | | | | | ભા | સ | ચૈ | શા | આ | | | | | |
| | | | | | | શા | વૈ | ન્યુ | | | | | | |
| | | | | | | | જા | | | | | | | |

-: શુભ દીપાવલી :-



**-: નૂતન વર્ષાભિનંદન :-**

**નૂતન વર્ષ સુખ શાંતિ મય જાય અને દીપજ્યોતી સમ પ્રકાશીત રહે, એવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના સહ**

**જય શ્રી સ્વામિનારાયણ**

નામ............................................................

... ..............................................................

ગામ ...........................તાલુકો........... ઉંમર.......

શાળા........................ ધો....... મો.ન...................

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૧૦૧૦/- રતિલાલ ધનજી વોરા હ. ધ.પ. વાલબાઈ, માધાપર હાલે લંડન, નવા મકાનના વાસ્તુ નિમિત્તે ભેટ વોરા

૫૦૧/- શાંતિલાલ જાદવા ભુડીયા, ફોટડી, પુત્ર રત્ન ચિ. અંશના જન્મ નિમિત્તે ભેટ

૫૦૦/- સાં.યો. સામબાઈ રવજી વકેરીયા, નારણપર નીવા., શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૨૫૧/- લાલજી હરજી સુથાર (ગજ્જર), ભુજ, શ્રાધ્ધ નિમિત્તે ભેટ

૨૫૧/- ત્વીસા સુરેશ મેપાણી, બળદીયા ઉ.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૫૧/- દ્દષ્ટિ સુરેશ મેપાણી, બળદીયા ઉ.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૨૦૧/- કરસનભાઈ ઝીણા જેસાણી ધ.પ.રતનબાઈ, બળદીયા, સુત ભીમજી કરસન ધ.પ. ધનબાઈ સહપરિવાર, શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ

૧૫૧/- મુકેશભાઈ રામજી કેરાઈ, મેઘપર,નિકિતાબેન મુકેશ કેરાઈના લગ્ન પ્રસંગે ભેટ

૧૫૧/- મુકુન્દ લાલજી રવજી અરજણ વેકરીયા, નારણપર ની.વા., જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- ભાવનાબેન દિપકભાઈ વોરા, કેરા, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- ઘનશ્યામ શિવજી કેરાઈ હ. હંસાબેન, નારણપર ઉ.વા. જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- પ્રેમીલાબેન લાલજી વેકરીયા, માધાપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- જ્યોત્સના માવજી નાથા હાલાઈ, કુંદનપર, જન્મદિવસ નિમિત્તે ભેટ

૧૫૧/- ઉત્સવકુમાર અમૃતલાલ નારણભાઈ પોકાર, નડીયાદ, ચિ. ઉત્સવ સારા માર્કસથી પાસ થતાં ભેટ

૧૫૧/- શિવજી ધનજી માસ્તર પિંડોરીયા, માધાપર, શ્રીહરિ કૃપાથી ઓપરેશન સફળ થતાં ભેટ

૧૫૧/- શિવજી ધનજી માસ્તર, માધાપર, ભીમજી કુંવરજી ભુવાના સ્વાસ્થ્યની પ્રાર્થના સાથે

૧૫૧/- શિવજી ધનજી માસ્તર પિંડોરીયા, માધાપર, પ.પૂ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીની વિદેશ યાત્રા સારી રીતે પૂર્ણ થતાં ભેટ

૧૫૧/- શ્રીનરનારાયણદેવ કન્સ્ટ્રક્શન કાું., કોડકી શ્રીનરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ




વિલ્સડન યુ.કે. શ્રી સ્વા. મંદિરના ભક્તોની સત્સંગ શિબિર.






કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની પ્રાંતીય સત્સંગ શિબિર - સુખપર.




કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળની પ્રાંતીય સત્સંગ શિબિર - વાગડ.




વિલ્સડન રી-ઝોનેરેશન સાઈટને ભુજના સંતો તથા હરિભક્તો નિહાળી રહ્યા છે.

## ફ્રાંસ-પેરીસની ભૂમી પાવન કરતા મહંત સ્વામી આદિ સંતો તથા હરિભક્તો.





## કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિર બોલ્ટન યુ.કે.માં વાર્ષિક પાટોત્સવની ઉજવણી











